પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૨૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૮-૦૧-૨૦૨૪ ગુરૂવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## ઈરાને પાકિસ્તાન પર એર સ્ટ્રાઈક કરી, ૨ બાળકોના થયા મોત, આતંકવાદી છાવણીઓ ધ્વસ્ત કરવાનો દાવો કરાયો

ઈસ્લામાબાદ,


ઈરાને પાકિસ્તાનમાં આતંકી છાવણીઓ પર એર સ્ટ્રાઈક કરવાનો દાવો કર્યો છે. ઈરાને દાવો કર્યો છે કે તેણે મંગળવારે પાકિસ્તાનમાં આતંકી સંગઠન જૈશ-અલ-અદલની છાવણીઓ પર હુમલો કર્યો છે. રિપોર્ટ્સ અનુસાર ઈરાને હુમલાને અંજામ આપવા માટે મિસાઈલ અને ડ્રોનનો ઉપયોગ કર્યો છે.

ઈરાનના મીડિયાએ અહેવાલ આપ્યો છે કે પાકિસ્તાનમાં બલુચી જૂથ જૈશ અલ-અદલના બે ઠેકાણાઓને મિસાઈલથી નિશાન બનાવવામાં આવ્યા હતા. આ જૂથ અગાઉ પણ પાકિસ્તાન સાથેના સરહદી વિસ્તારમાં ઈરાની સુરક્ષા દળો પર હુમલો કરી ચૂક્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ ઠેકાણાઓ પર મિસાઈલ અને ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો હતો અને તેને નષ્ટ કરી દેવામાં આવ્યો હતો.

અગાઉ ડિસેમ્બર ૨૦૨૩માં ઈરાને પોલીસ સ્ટેશન પર ઉગ્રવાદી હુમલા માટે પાકિસ્તાનને ઠપકો આપ્યો હતો. ઈરાનના સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતના રાસ્કમાં પોલીસ સ્ટેશન પર થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૧ સુરક્ષાકર્મીઓ માર્યા ગયા હતા. આ પછી ઈરાને પાકિસ્તાન પર નિશાન સાધતા કહ્યું કે પાકિસ્તાનનું તેની સરહદો પર નિયંત્રણ નથી.

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે આ હુમલાઓની નિંદા કરી અને કહ્યું કે બે માસૂમ બાળકોના મોત નિપજ્યા જ્યારે ત્રણ બાળકીઓ ઘાયલ થઈ છે. વધુમાં પાકિસ્તાને કહ્યું કે આ પાકિસ્તાનની સંપ્રભુતાનું ઉલ્લંઘન છે જે સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે અને આવા હુમલાના કારણે ગંભીર પરિણામો આવી શકે છે.

ઈરાનના હુમલાએ મોટા પાયે તબાહી મચાવી છે. ઈરાનના હુમલાથી



પાકિસ્તાન નારાજ છે અને તેણે ઈરાનને ધમકી આપી છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે, એર સ્પેસ ઉલ્લંઘનની સખત નિંદા કરતા કહ્યું છે કે, એકપક્ષીય કાર્યવાહી સારા પાડોશીની નિશાની નથી. જૈશ અલ અદાલે એમ પણ કહ્યું છે કે આ હુમલો અનેક મિસાઈલો દ્વારા કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે, ઈરાનના એક અધિકારીને સમન્સ પણ પાઠવ્યા છે.પાકિસ્તાનના રખેવાળ વડા પ્રધાન સ્વિટ્ઝર્લૅન્ડમાં ઈરાનના વિદેશ પ્રધાન સાથે મુલાકાત કરી રહ્યા હતા, ત્યારે ઈરાને પાકિસ્તાન પર હુમલો કર્યો હતો. પાકિસ્તાની પીએમને એ વાતનો પણ ખ્યાલ નહોતો કે ઈરાને પાકિસ્તાન પર સર્જિકલ સ્ટ્રાઈક

### પાકિસ્તાનની સંપ્રભુતાનું ઉલ્લંઘન છે જે સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે અને આવા હુમલાના કારણે ગંભીર પરિણામો આવી શકે છે.

કરી છે. ઈરાનના હવાઈ હુમલાથી પાકિસ્તાનમાં મોટાપાયે વિનાશ થયો છે. બે મકાનો પણ ધરાશાયી થયા છે. ઈરાનના હુમલા બાદ તબાહીનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં અનેક રહેણાંક મકાનો ખંડેરમાં ફેરવાઈ ગયા છે. આ વીડિયો જૈશ અલ અદાલ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

ઈરાને જૈશ અલ-અદલ દ્વારા કરવામાં આવેલા હુમલાનો બદલો લીધો છે. ડિસેમ્બરમાં જૈશ અલ-અદલે ઈરાનમાં મોટો હુમલો કર્યો હતો. હુમલામાં ઈરાનના ૧૧ પોલીસકર્મીઓ માર્યા ગયા હતા. જૈશ અલ-અદલના હુમલામાં ઈરાનને મોટું નુકસાન થયું હતું. જૈશ અલ-અદલ ઈરાનની સરહદ પર સતત હુમલા કરી રહ્યું છે.તેના એક દિવસ પહેલા ઈરાને સીરિયા અને ઈરાકમાં પણ હુમલા કર્યા. હકીકતમાં ઈરાન આ મહિને સુન્ની આતંકવાદી સમૂહ ઈસ્લામિક સ્ટેટ દ્વારા કરાયેલા બેવડા આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ બાદ ભડકેલુ છે જેમાં ૯૦થી વધુ લોકો માર્યા ગયા હતા.

આ એક સુન્ની આતંકવાદી સંગઠન છે, જેની રચના ૨૦૧૨માં થઈ હતી. જૈશ અલ-અદલ પાકિસ્તાન સરહદ પર આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપે છે. તે ઈરાનની અંદર સતત હુમલાઓ કરી રહ્યું છે. ઈરાની બોર્ડર પોલીસનું અનેક વખત અપહરણ કરવામાં આવ્યું છે.ઈરાનના આ પગલાથી બંને દેશો વચ્ચે સંબંધો ખરાબ થવાનો ડર પેદા થયો છે અને બંને દેશ લાંબા સમયથી રાજનયિક સંબંધો જાળવી રાખતા એકબીજા પર શંકાની નજરે જુએ છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે હુમલાની આકરા શબ્દોમાં ટીકા કરી છે. મંત્રાલયે નિવેદનમાં કહ્યું છે કે પાકિસ્તાન ઈરાન દ્વારા તેના એર સ્પેસમાં 'અકારણ ઉલ્લંઘન' ની આકરી ટીકા કરે છે. જેના પગલે બે માસૂમ બાળકોના મોત થયા જ્યારે ત્રણ છોકરીઓ ઘાયલ થઈ. નિવેદનમાં આગળ કહેવાયું છે કે પાકિસ્તાનની સંપ્રભુતાનો આ ભંગ સંપૂર્ણ રીતે અસ્વીકાર્ય છે અને તેના ગંભીર પરિણામ આવી શકે છે.પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે પોતાના નિવેદનમાં એ નથી જણાવ્યું કે હુમલો ક્યાં થયો. પરંતુ પાકિસ્તાનના વિવિધ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર હુમલાની જગ્યા બલુચિસ્તાન પ્રાંત જણાવવામાં આવી રહી છે. જ્યાં બંને દેશો લગભગ ૧૦૦૦ કિમી લાંબી સરહદ શેર કરે છે. આ ખુબ ઓછી વસ્તીવાળો વિસ્તાર છે.

## રાજ્યમાં કડકડતી ઠંડીની આગાહી, નલિયામાં ૧૦.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ

અમદાવાદ,

રાજ્યમાં આજે કડકડતી ઠંડીનો અનુભવ થયો છે આજે અમદાવાદ, અમરેલી, કચ્છ,મોરબી,નર્મદા, રાજકોટ, વલસાડ, સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓમાં ૧૪ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહ્યું છે. તેમજ ભરુચ, બોટાદ, જામનગર,જુનાગઢ સહિતના જિલ્લાઓમાં ૧૫ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહે તેવી શક્યતા છે.

બીજી તરફ બનાસકાંઠા, દેવભૂમિ દ્વારકા, નવસારી, સુરત સહિતના જિલ્લાઓમાં ૧૬ ડિગ્રી ન્યૂનતમ તાપમાન રહ્યું છે. બનાસકાંઠા, દાહોદ, ગાંધીનગર, મહીસાગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં ૧૨ ડિગ્રી તાપમાન રહે તેવી શક્યતા છે.

રાજ્યમાં આજે ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે. ગુજરાતના ૧૦ શહેરોનું તાપમાન ૧૩ ડિગ્રીથી ઓછુ નોંધાયુ છે. તેમજ ૩ દિવસમાં અમદાવાદમાં ઠંડીનો પારો ૪.૫ ડિગ્રી ગગડ્યો છે.



અમદાવાદમાં સિઝનનું સૌથી નીચું ૧૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. તેમજ ૯.૮ ડિગ્રી સાથે પાટનગર ગાંધીનગર ઠંડુ શહેર બન્યુ છે. આ ઉપરાંત નલિયામાં ૧૦.૮ અને ડીસામાં ૧૧.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ છે.

ઉત્તર-પશ્ચિમના પવન ફૂંકાતા રાજ્યમાં ઠંડીએ જોર પકડ્યું છે. ત્યારે હવામાન વિભાગે પણ આગામી બે દિવસ દરમિયાન ઠંડીનું જોર યથાવત રહેશે તેવી આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ગાંધીનગરમાં સૌથી ઓછું ૯.૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં ૧૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. સૂકા અને ઠંડા પવનના કારણે લોકો વહેલી સવારે ભારે ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. ત્યારે આગામી બે દિવસ ઠંડીનું જોર યથાવત રહેશે તેવી આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી દિવસોમાં રાજ્યમાં લોકો ઠંડીનો ચમકારો અનુભવશે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ગાંધીનગર ખાતે સૌથી ઓછું ૯.૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. આથી ગાંધીનગરમાં મંગળવારે સૌથી વધુ ઠંડી પડી હતી. હવામાન વિભાગના આંકડા મુજબ, નલિયામાં ૧૦.૮ ડિગ્રી, વડોદરામાં ૧૨.૪ ડિગ્રી, રાજકોટમાં ૧૩.૦ ડિગ્રી, કેશોદમાં ૧૩.૧ ડિગ્રી, કંડલામાં ૧૨.૭ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૨.૭ ડિગ્રી, અમરેલીમાં ૧૧.૬ ડિગ્રી અને ડીસામાં ૧૧.૧ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે. કચ્છની વાત કરીએ તો જિલ્લામાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું છે. વહેલી સવારે ગાઢ ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઓછી થતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કચ્છ સહિત અન્ય કેટલાક જિલ્લાઓમાં પણ ગાઢ ધુમ્મસનું વાતાવરણ જોવા મળ્યું છે. વડોદરાની વાત કરીએ તો ગાઢ ધુમ્મસના કારણે પાંચ ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી છે. માહિતી મુજબ, દિલ્હી, મુંબઈ અને બેંગ્લુરુંની ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. ફ્લાઈટ્સ કેન્સલ થતા ૧૨૦૦ જેટલા મુસાફરો અટવાયા છે. જ્યારે ગત રવિવારે અને સોમવારે પણ ૬ ફ્લાઈટ કેન્સલ થઈ હતી.

## મહારાષ્ટ્રના ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાના કેસમાં કોર્ટે સ્પીકર પાસેથી જવાબ માંગ્યો

મુંબઈ,

મહારાષ્ટ્રમાં, મુખ્ય પ્રધાન એકનાથ શિંદે શિવસેનાના વિભાજન પછી રાજકીય પક્ષ - શિવસેના પર દાવો કરી રહ્યા છે. ચૂંટણી પંચની સાથે હાઈકોર્ટે પણ સ્વીકાર્યું છે કે શિંદેનું જૂથ જ અસલી શિવસેના છે. તાજેતરના વિકાસમાં, શિંદે જૂથ બોમ્બે હાઈકોર્ટમાં પહોંચ્યું છે. કોર્ટે આ અરજી પર વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકર પાસેથી જવાબ માંગ્યો છે. શિંદે જૂથે સ્પીકરના નિર્ણયને પડકાર્યો છે જેમાં તેમણે ૧૪ શિવસેના (યુબીટી) ધારાસભ્યોને ગેરલાયક ઠેરવ્યા નથી. શિંદે જૂથના શિવસેનાના ચીફ વ્હીપ ભરત ગોગાવલેએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે. જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને જસ્ટિસ ફિરદોશ પૂનીવાલાની ડિવિઝન બેંચ આ મામલે સુનાવણી કરી રહી છે. આ કેસની સુનાવણી ૮ ફેબ્રુઆરીએ હાથ ધરાશે.

નોંધનીય છે કે ૧૦ જાન્યુઆરીએ વિધાનસભા અધ્યક્ષ નાર્વેકરે અયોગ્યતા કેસમાં પોતાનો નિર્ણય સંભળાવ્યો હતો. આ મુજબ





શિવસેનાના બંને જૂથના ધારાસભ્યોની સભ્યતા પર કોઈ ખતરો નથી. પૂર્વ સીએમ ઉદ્ધવ ઠાકરેને ટેકો આપનારા ૧૪ ધારાસભ્યોને ગેરલાયક ન ઠેરવવા માટે અસંતુષ્ટ કેમ્પે કોર્ટનો સંપર્ક કર્યો છે. શિંદે જૂથે કોર્ટને જણાવ્યું હતું કે તેઓ ૧૦ જાન્યુઆરીએ જારી કરાયેલા સ્પીકરના નિર્ણયની "કાયદેસરતા અને યોગ્યતા" ને પડકારે છે.

ભરત ગોગાવલેએ બોમ્બે હાઈકોર્ટ સમક્ષ કહ્યું કે તેમણે વિધાનસભામાં ફલોર ટેસ્ટ પહેલા ૩ જુલાઈ, ૨૦૨૨ના રોજ શિવસેનાના ધારાસભ્યોને વ્હીપ જારી કર્યો હતો. તેમણે કહ્યું કે, ૪ જુલાઈએ વિશ્વાસ પ્રસ્તાવ પર મતદાન દરમિયાન એકનાથ શિંદે સરકારની તરફેણમાં મતદાન કરવા સૂચના આપવામાં આવી હતી. તેમણે ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની તરફેણમાં દલીલ કરતા કહ્યું કે, ૧૪ ધારાસભ્યોએ ઉદ્ધવ ઠાકરેને સમર્થન આપ્યું હતું. આ વ્હીપનું ઉલ્લંઘન છે તેમજ 'શિવસેના પોલિટિકલ પાર્ટી'નું સભ્યપદ છોડવું છે.

ગોગાવલેના જણાવ્યા મુજબ, સ્પીકર નાર્વેકર એ ધ્યાનમાં લેવામાં નિષ્ફળ ગયા કે સભ્યપદ છોડવા સિવાય, ઠાકરે જૂથના ૧૪ ધારાસભ્યોએ પણ શાસક સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ કર્યો. ગોગાવલેનો આરોપ છે કે આ ધારાસભ્યોએ કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) સાથે મળીને મહારાષ્ટ્રની શિવસેના સરકાર (શિંદે જૂથ) વિરુદ્ધ મતદાન કર્યું હતું. પક્ષ વિરોધી ગતિવિધિઓના આરોપમાં આ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા જોઈએ.

તમને જણાવી દઈએ કે ગોગાવલેએ ૧૨ જાન્યુઆરીએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, જ્યારે ઉદ્ધવ ઠાકરે જૂથે સોમવારે (૧૫ જાન્યુઆરી) સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. ઠાકરે જૂથે જૂન ૨૦૨૨ માં પક્ષમાં વિભાજન પછી સીએમ શિંદેના નેતૃત્વ હેઠળના શિવસેના જૂથને 'અસલી રાજકીય પક્ષ' તરીકે જાહેર કરવાના સ્પીકરના આદેશને પડકાર્યો છે. તમને જણાવી દઈએ કે સ્પીકરે શિંદે સહિત શાસક છાવણીના ૧૬ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાનો ઈંકાર કરી દીધો હતો. સ્પીકર નાર્વેકરે ઠાકરે કેમ્પના ધારાસભ્યોની સદસ્યતા પણ જાળવી રાખી છે.

## મોતિયાના ઓપરેશનમાં બેદરકારીનો કેસ, હેલ્થ સેક્રેટરી અને અમદાવાદ ગ્રામ્ય એસપીને નોટિસ પાઠવવામાં આવી

અમદાવાદ,

અમદાવાદના માંડલમાં મોતિયાના ઓપરેશનમાં બેદરકારી સામે આવ્યા બાદ હવે આ મામલે હાઈકોર્ટની સુઓમોટો પિટિશન દાખલ કરીને હેલ્થ સેક્રેટરી અને અમદાવાદ ગ્રામ્ય એસપીને નોટિસ પાઠવવામાં આવી છે. સમાચારોના અહેવાલને આધારે ન્યાયાધિશ એ.એસ. સુપેહિયા અને ન્યાયાધિશ વિમલ વ્યાસની બેન્ચે સુઓમોટો સંજ્ઞાન લઈને આ મામલે સરકારને પ્રાથમિક તપાસ રિપોર્ટ સોંપવા આદેશ કર્યો છે. આ સુઓમોટો ૭મી ફેબ્રુઆરીએ ચીફ જજની કોર્ટમાં રજૂ થશે. આ મામલે કોર્ટે નોંધ્યું કે સમાચારમાં પ્રકાશિત થયેલા અહેવાલમાં અમદાવાદના વિરમગામની માંડલ હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન બાદ બેદરકારીથી કેટલાક લોકોએ દ્રષ્ટિ ગુમાવી હતી. આ ઓપરેશન બાદ ૧૫થી વધુ દર્દીઓને ઈન્ફેક્શન લાગ્યાની ફરિયાદ પણ કરવામાં આવી હતી. લોકોએ જ્યાં ઓપરેશન કરાવ્યું હતું તે રામાનંદ હોસ્પિટલ સેવાનિકેતન ટ્રસ્ટ દ્વારા ચલાવાય છે. ઓપરેશન દરમિયાન ફેસિલિટીમાં ખામી હતી કે મેડિકલ ઈક્વીપમેન્ટની સાર સંભાળ રાખવામાં આવી નહોતી કે પછી આઈ ડ્રોપ હલકી ગુણવત્તાના હતા? આ મામલે હજુ સુધી મેડિકલ કર્મી સામે પોલીસમાં ફરિયાદ થઈ નથી. કોર્ટે કહ્યું કે આ મામલે પીડિતોને યોગ્ય ચૂકવવામાં આવે. આ કેસ ૭મી ફેબ્રુઆરીએ ચીફ જજ કોર્ટમાં ચાલશે.

## મુખ્યમંત્રીને ભેટ સોગાદોમાં મળેલી અને તોશાખાનામાં જમાં કરાવેલી ચીજ વસ્તુઓનું પ્રદર્શન-વેચાણ

અમદાવાદ,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને વિવિધ કાર્યક્રમો અને પ્રવાસ દરમિયાન ભેટ સોગાદોમાં મળેલ અને તોશાખાનામાં જમાં કરાવેલ ચીજવસ્તુઓ પ્રદર્શન અને વેચાણ અર્થે અમદાવાદ જિલ્લાને ફાળવવામાં આવી છે. આ સંદર્ભે અમદાવાદ ખાતે તા.૧૮/૦૧/૨૦૨૪થી તા.૨૦/૦૧/૨૦૨૪ના ત્રણ દિવસ દરમિયાન આ ચીજ વસ્તુઓનું પ્રદર્શન કમ હરાજી કાર્યક્રમ યોજાશે.આ પ્રદર્શન કમ હરાજી કાર્યક્રમમાં અંદાજીત ૨૫ લાખની કિંમતની ૮૫૦ જેટલી વસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ હાથ ધરવામાં આવનાર હોવાનું સીટી ડે.કલેકટર (પશ્ચિમ) શ્રી ઉમંગ પટેલે જણાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, દેશના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના કાર્યકાળ દરમિયાન તેમને વિવિધ કાર્યક્રમો કે પ્રવાસ દરમિયાન મળતી ભેટ સોગાદોને તોશાખાનામાં જમા કરાવીને તેના પ્રદર્શન અને વેચાણમાંથી થતી આવકનો કન્યાકેળવણી સહિતના વિવિધ લોકહિત અને જન કલ્યાણ કાર્યોમાં ઉપયોગ કરવાની ઉમદા પહેલ અમલમાં મૂકી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનની આ પહેલને સુપેરે આગળ ધપાવી છે. તદનુસાર, મુખ્યમંત્રીને ભેટ સોગાદોમાં મળેલ અને તોશાખાનામાં જમાં કરાવેલ ચીજ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ અમદાવાદ ખાતે વસુલાત ભવન, સીટી ડે.કલેકટર(પશ્ચિમ)ની કચેરી, ગોતા, એસ.જી. હાઈવે ખાતે તા.૧૮/૦૧/૨૦૨૪ થી તા.૨૦/૦૧/૨૦૨૪ દરમિયાન કચેરી સમય દરમિયાન રાખવામાં આવ્યું છે.

## મણિપુરમાં ફરી હિંસા ભડકી ઉઠી, ઉગ્રવાદીઓ સાથેની અથડામણમાં એક કમાન્ડો શહીદ

ઈમ્ફાલ,

મણિપુરમાં છેલ્લા ઘણા સમયથી શાંત પડેલી હિંસા ફરી એકવાર ભડકી ઉઠી છે. ટેગ્નોપાલ જિલ્લાના મોરેહ શહેરમાં આજે સુરક્ષા દળોના જવાન અને ઉગ્રવાદીઓ સામસામે આવી ગયા હતા અને બંને તરફથી ગોળીબાર થયો હતો, જેમાં એક કમાન્ડો શહીદ થયો હતો.

સ્થાનિક મીડિયામાંથી મળતા અહેવાલ અનુસાર કેટલાક શંકાસ્પદ કુકી ઉગ્રવાદીઓએ આજે સવારે સુરક્ષા દળોની ચોકીને નિશાન બનાવી હતી. ઉગ્રવાદીઓએ પહેલા ચોકી પર ગોળીબાર કર્યો અને ત્યારબાદ બોંમ્બ ફેંક્યા હતા, જેના જવાબમાં જવાનોએ પણ ગોળીબાર કર્યો હતો. બંને તરફથી લગભગ એક કલાક સુધી ગોળીબાર થયો હતો. આ અથડામણમાં એક કમાન્ડોને ગોળી વાગી હતી, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મૃતક જવાનની ઓળખ ઈન્ફાલ પશ્ચિમ જિલ્લાના માલોમના રહેવાસી વાંગખેમ સોમરજીત તરીકે થઈ હતી. આ ઘટના બાદ સુરક્ષા દળોએ પૂરા વિસ્તારનો ઘેરી લીધો હતો અને શંકાસ્પદોની શોધખોળ હાથ ધરી છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી મુજબ આ હિંસા પાછળ બે શંકાસ્પદોની ધરપકડનું કારણ માનવામાં આવી રહ્યું છે. પોલીસે બે શંકાસ્પદોની ધરપકડ કરી હતી, જેના માત્ર ૪૮ કલાક બાદ ઉગ્રવાદીઓએ ગોળીબાર કર્યો હતો.

## પૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈને આસામનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર આપવામાં આવશે

ગુવાહાટી,

ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈને મંગળવારે આસામના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'આસામ વૈભવ' માટે નામાંકિત કરવામાં આવ્યા હતા. તેઓ ચીફ જસ્ટિસના પદ પર પહોંચનારા ઉત્તર-પૂર્વના પ્રથમ વ્યક્તિ છે. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ અહીં એક પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી. આ દરમિયાન તેમણે તે અગ્રણી વ્યક્તિઓના નામ પણ જાહેર કર્યા જેમને રાજ્ય સરકારના અન્ય બે મોટા પુરસ્કારો આપવામાં આવશે. સરમાએ કહ્યું, ''આ વર્ષે અમે પૂર્વ ચીફ જસ્ટિસ રંજન ગોગોઈને ન્યાયિક ક્ષેત્રમાં તેમની સિદ્ધિઓ માટે 'આસામ વૈભવ' એવોર્ડથી સન્માનિત કરવાનો નિર્ણય કર્યો છે. તે આવનારી પેઢીઓ માટે પ્રેરણારૂપ છે.ગોગોઈ ૨૦૧૮-૧૯માં ચીફ જસ્ટિસ હતા. દાયકાઓ



જૂના રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ કેસમાં ચુકાદો આપનારી બેંચનું નેતૃત્વ તેમણે કર્યું હતું. સરમાએ 'આસામ સૌરવ' એવોર્ડ માટે ચાર અગ્રણી વ્યક્તિઓના નામની જાહેરાત કરી હતી, જેમાં સ્વિમર એલ્વિસ અલી હજારિકા અને દોડવીર હિમા દાસનો સમાવેશ થાય છે. સાંસ્કૃતિક વારસો વ્યવસ્થાપન નિષ્ણાત કિશન ચંદ નૌરિયાલ અને તિવા નૃત્યાંગના નંદીરામ દેઉરી આ શ્રેણી હેઠળ પુરસ્કારો મેળવનારા અન્ય વિજેતાઓમાં સામેલ છે.


અભિનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
ધી સાલીયા દૂધ ઉ.સહ. મં.
તરફથી અભિનંદન....
મુ. સાલીયા માર્કેટયાર્ડ,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

અભિનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
ચૌહાણ મોહન અભેસિંહ
તરફથી અભિનંદન....
મુ. પાડા,
તા. લીમખેડા,
જી. દાહોદ

અભિનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
સત્યમ સખી મંડળ
તરફથી અભિનંદન....
મુ. દાસા,
તા. લીમખેડા,
જી. દાહોદ

અભિનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
નિનામા સવિતાબેન કનકસિંહ
તરફથી અભિનંદન....
મુ. પાડલીવા,
તા. લીમખેડા,
જી. દાહોદ

# અરૂણાચલ પ્રદેશ ખાતે CRPFમાં ફરજ બજાવતા જવાનનું નિધન પોતાના વતન કેણપુર ખાતે જવાનના પાર્થિવ દેહને અંતિમ વિધિ કરાઈ



સંતરામપુર, મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના કેણપુર ગામના વતની પ્રેમચંદભાઈ પલાસ નામના જવાન અરૂણાચલ પ્રદેશ ખાતે CRPF માં ફરજ બજાવતા હતા જેઓ શહીદ થયા છે. જેમના પાર્થિવ દેહને આજે પોતાના વતન ખાતે લાવીને અંતિમક્રિયા કરવામાં આવી હતી. જેમાં વિસ્તારના અધિકારી નેતા અને ખૂબ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને શ્રદ્ધાંજલિ આપી હતી.

પ્રાપ્ત થતી પ્રાથમિક વિગત અનુસાર પ્રેમચંદભાઈ છૂટ્ટીમાં પોતાના ઘરે આવ્યા હતા અને રજાઓ પુરી કરી પોતાની ફરજ પર જઈ રહ્યા હતા. તે દરમિયાન ઉત્તર પ્રદેશના ચાંદોલી ખાતે તેઓનું આકસ્મિક મૃત્યુ નીપજ્યું છે. તેમના પરિવાર પાસેથી મળતી માહિતી મુજબ તેમના પર અરૂણાચલ પ્રદેશ કન્ટ્રોલ માંથી ૧૪ જાન્યુઆરીના રોજ સાંજે કોલ આવ્યો હતો અને તેમના નિધન વિશે માહિતી મળી હતી. ત્યાર બાદ આજે તેમના પાર્થિવ દેહને તેમના વતન સંતરામપુર કેણપુર ખાતે લાવવામાં આવ્યો છે અને ગાર્ડ ઓફ ઑનર સાથે અંતિમ વિધિ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર જવાન પ્રેમચંદભાઈને નિવૃત્તિમાં હવે માત્ર ચાર જ મહિના બાકી હતા. ત્યારે આવો બનાવ બનતા તેમના ગામ સહિત સમગ્ર પંથકનું વાતાવરણ શોખમય બન્યું છે.

કેણપુર ગામે જવાનનો મૃતદેહ આવતા જ મોટી સંખ્યામાં અંતિમ વિધિ માટે લોકો જોડાયા હતા. તેમજ સ્થાનિક અધિકારી, કર્મચારીઓ, નેતાઓ અને સેના માંથી આવેલા જવાનો જોડાયા હતા અને દેશ ભક્તિના નારાઓ સાથે તેમની અંતિમ યાત્રા યોજાઈ હતી.

# લુણાવાડા તાલુકાનું કસલાલ ગામ વિકસિત ભારત સંકલ્પ યાત્રા માં સહભાગી બન્યું



લુણાવાડા, પંચમહાલ લોકસભા સાંસદ રતનસિંહ રાઠોડની વિશેષ ઉપસ્થિતિમાં લુણાવાડા તાલુકાના કસલાલ ગામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ને ગ્રામજનો દ્વારા વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો. આ પ્રસંગે સાંસદે ગ્રામજનોને સંબોધતા જણાવ્યું કે, કેન્દ્ર અને રાજય સરકાર છેવાડાના માનવીની ચિંતા કરીને તેમના જીવનસ્તરમાં ગુણાત્મક સુધારો લાવવા સંકલ્પબદ્ધ છે. સરકારે મહિલાલક્ષી, ખેડૂતલક્ષી, આરોગ્યલક્ષી, રોજગારલક્ષી તેમજ અનેકવિધ યોજનાઓ અમલી બનાવીને ગ્રામીણ વિકાસને મજબુત કરવાનુ કાર્ય કર્યું છે.

ગ્રામજનોએ સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓ, કાર્યો-ઉપલબ્ધીઓની ઝાંખી દર્શાવતી શોર્ટફિલ્મ નિહાળીને વિકસિત ભારતના નિર્માણમાં પોતાના બહુમૂલ્ય યોગદાન આપવા માટે સામુહિક શપથ લીધા હતા. મેરી કહાની મેરી જુબાની અંતર્ગત આયુષ્યમાન યોજના, કિસાન સન્માન નિધિ, આવાસ યોજના, પોષણ યોજનાના લાભાર્થીઓએ પોતાના સરકારી યોજનાઓના લાભોના અનુભવો જણાવ્યા અને લોકોને સરકારી યોજનાઓનો લાભ લેવા વિનંતી કરી હતી.

આ કાર્યક્રમમાં શાળાના તેજસ્વી તારલાઓને પ્રમાણપત્ર તેમજ લાભાર્થીઓને સાંસદ સહીત મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાઓના લાભ આપવામાં આવ્યા હતા. પ્રાકૃતિક ખેતી અંગે શીવાભાઈએ માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં રથ ઈન્ચાર્જ મુળજીભાઈ રાણા, તાલુકા સદસ્ય અજય દરજી, જસુભાઈ, સરપંચ, તલાટી સહીત ગામના અગ્રણીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહિસાગર ડીએલઆર શાખામાં જમીન માપણી અરજીનો ચાર વર્ષે નિકાલ નહિ થતાં કલેકટરને રજુઆત

બાલાસિનોર, અરજદાર દ્વારા બાલાસિનોર તાલુકામાં પોતાના ખેતરમાં દબાણ અંગે મહિસાગર જિલ્લા ડીએલઆર શાખામાં વર્ષ-૨૦૧૯માં માપણી માટે અરજી કરતા સર્વેયર દ્વારા માપણી કરવાના રૂપિયા અઢી લાખ માંગ્યા જે ન આપતા હાલમાં પણ કોઈ નકકર પરિણામ ન આવતા મહિસાગર જિલ્લા કલેકટરને લેખિત અરજી કરી છે. બાલાસિનોરના નિશાળ ચોક વિસ્તારના સુલ્તાનાબાનુ અ.રઉફ શેખ પોતાની માલિકી સર્વે નં.-૨૪૧/૧૯ ૨૪૧/૨૦માં માપણી માટે અરજી ૨૦૧૯ સાલમાં કરી હતી. પણ અધિકારીઓ આવ્યા ન હતા. વધુ રજુઆતો કરતા સ્થળ તપાસ કે રેકર્ડ જોયા સિવાય સર્વે નંબરના મનગડત નકશા બનાવી આપ્યા હતા. જયારે પાડોશી જમીન ધરાવનાર વ્યકિતઓ દ્વારા દબાણોની માપણી ખુટ મારવા પણ અરજદાર દ્વારા પોલીસ પ્રોટેકશન માંગ્યા છતાં ડીએલઆર અધિકારીઓએ માપણી કરી ન હતી.જયારે ડીએલઆર કર્મચારી એસ.કે. ડામોર દ્વારા કામ પતાવી આપવા માટે રૂ.૨.૫૦ લાખ માંગ્યા હોવાનો અરજદાર દ્વારા આક્ષેપ કરી ન્યાય મેળવવા મહિસાગર જિલ્લા કલેકટરને અરજદાર સુલ્તાનાબાનુ દ્વારા અરજી કરાઈ છે. સમગ્ર બાબતે સર્વેયર એસ.કે.ડામોરનો ટેલિફોનીક સંપર્ક કરતા તેઓએ કોઈ પૈસા માંગ્યા ન હોવાનુ જણાવ્યુ હતુ.

# સંતરામપુર તાલુકાના આંજણવા ગામે પરણીતાએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું

સંતરામપુર, સંતરામપુર તાલુકાના આંજણવા ગામે પતિ અને સાસુ-સસરા પરણીતાની વારંવાર મેણા ટોણા મારતા હતા. તું અહીંયા કેમ આવી છે, એમ કહીને સતામણી કરતા હતા. બે થી ત્રણ વાર પરણીતાએ તેના માં-બાપને ફોન કરીને કહેતી કે મને અહીંયા થી લઈ જાઓ મને ઘણું હેરાન કરે છે. તેના ઘરના પરિવારો ઈકો ગાડી લઈને થોડા સમય અગાઉ લેવા પણ આવેલા હતા. પરંતુ સાસરીયે પક્ષના માણસોએ કહ્યુંકે, હવે આવું નહીં થાય હેમખેમ રાખીશું તેમ કહીને પરણીતાને સાસરીમાં રહેવા દીધેલી હતી. પરંતુ ફરીથી ઘરના પરિવારો ભેગા મળીને શારીરિકાને માનસિક ત્રાસ આપવાનું શરૂ કરતાં પરણીતાએ ૧૬ તારીખના બપોરના રોજ આરસામાં ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. ફોન કરીને પરણીતાના પરિવારને જણાવ્યું કે, તમારી દીકરી અહીંયા ગળે ફાંસો ખાધો તમે અહીંયા આવી જાઓ. તાત્કાલિક સારવાર માટે લઈ ગયા હતા. પરંતુ તે પહેલા અવસાન પામી ગયેલી હતી. આ અંગેની સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધ પોલીસે ત્રણના વિરૂદ્ધ ગુનો દાખલ કરી દીધો હતો. હાર્દિક જયંતીભાઈ ભોઈ, સુમિતાબેન ભોઈ, જયંતીભાઈ ભોઈ ત્રણના વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તપાસ હાથ ધરાઈ હતી.

# લુણાવાડા ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ઉદ્દઘાટન સમારોહ કલેકટરના અદયક્ષ સ્થાને યોજાયો



મહીસાગર, માર્ગ અકસ્માતો થતાં અટકાવવા અને લોકોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવા માટે મહીસાગર જીલ્લામાંએ આરટીઓ લુણાવાડા ખાતે રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૪ ઉદ્દઘાટન સમારોહ કલેકટર ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાયો.

જીલ્લા કલેક્ટરએ જણાવ્યું હતું કે, ટ્રાફિકના નિયમોનું પાલન કરવું તે પ્રત્યેક નાગરિકની ફરજ છે. આ બાબતે જાગૃતિ કેળવાય એ અત્યંત આવશ્યક છે. અત્રે ઉલ્લેખનીય છે કે, માર્ગ સલામતિ સમાજના દરેક વર્ગને સ્પર્શતો વિષય છે. લોકોમાં માર્ગ સલામતી બાબતે જનજાગૃતિ આવે તે આવશ્યક છે. વાહન ચલાવતા નાગરિકો ટ્રાફિકનાં નિયમોનું પાલન કરતા થાય અને નિયમો અંગે ભાવિ પેઢીના નાગરિકોનાં માહિતગાર અને જાગૃત્ત થાય હેતુ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડી.વાય.એસ.પી. ચાવડા, એઆરટીઓ સી.ડી. પટેલ સહિત એ.આર.ટી.ઓ.ની કચેરીના અધિકારીઓ તેમજ કર્મચારીઓ પણ સહભાગી બન્યાં હતાં.

# મહિસાગર જિલ્લામાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ૧.૭૮ લાખ ગ્રાહકોને સ્માર્ટ પ્રિપેઈડ મીટર લગાડાશે

લુણાવાડા, મહિસાગર જિલ્લામાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા આગામી દિવસોમાં સ્માર્ટ પ્રિપેઈડ મીટર લગાવવામાં આવશે. વીજ કંપની દ્વારા જિલ્લામાં અંદાજે ૧.૭૮ લાખ સ્માર્ટ પ્રિપેઈડ મીટર લગાવવામાં આવશે. પ્રથમ તબક્કામાં આ સ્માર્ટમીટર જિલ્લાની તમામ સરકારી કચેરીઓમાં લગાવવામાં આવશે. ત્યારબાદ જિલ્લામાં સમયાંતરે રહેણાંક ઘર, ઔદ્યોગિક એકમ, વોટર વર્કસ, અને સામાન્ય હેતુના ગ્રાહકોને પરંપરાગત મીટરની જગ્યાએ સ્માર્ટ મીટર ફિટ કરાશે.સ્માર્ટ મીટરથી વાસ્તવિક સમયમાં વીજળીના વપરાશ પર નિયંત્રણ રાખી શકાશે.

મહિસાગર જિલ્લામાં એમજીવીસીએલના અંદાજે ૨૧૦૭૦૩ વીજ ગ્રાહકો છે. જે પૈકી ૧.૭૮ લાખ ગ્રાહકોને ત્યાં વીજ કંપની દ્વારા આગામી દિવસોમાં સ્માર્ટ પ્રિપેઈડ મીટર લગાવવામાં આવશે. આ સ્માર્ટ મીટર સૌપ્રથમ જિલ્લાની સરકારી કચેરીઓમાં લગાવવામાં આવશે. જેમાં ગ્રામ પંચાયત સહિત તમામ સરકારી કચેરીઓનો સમાવેશ થાય છે. આવનાર સમયમાં સમયાંતરે કૃષિ વિષયક વીજ મીટર, સોલર વીજ ગ્રાહકો સિવાયના ગ્રાહકોને ત્યાં સ્માર્ટ વીજ મીટર ફિટ કરવામાં આવશે. આ સ્માર્ટ મીટર લગાવવા માટે ગ્રાહક પાસેથી કોઈ વધારાના ખર્ચ વસુલવામાં નહિ આવે. હાલના વીજ મીટરને બદલીને સ્માર્ટ મીટર લગાવવામાં આવશે. સ્માર્ટ મીટર મફત છે. સ્માર્ટ મીટરથી ગ્રાહક મોબાઈલ ફોન પર સચોટ વીજળી બિલ સરળતાથી મેળવી શકે છે. ગ્રાહક પોતે ઓનલાઈન મોબાઈલ કાર્ડની જેમ સ્માર્ટ વીજ મીટર રિચાર્જની સુવિધા મેળવી શકશે.

# પંચમહાલ જીલ્લામાં આગામી ૨૧ જાન્યુઆરીના રોજ આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૨ની પ્રિલિમરી પરીક્ષા યોજાશે



ગોધરા, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૧ મી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સવારે ૧૧ થી બપોરે ૦૨ કલાકે આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૨ની પ્રિલિમરી પરીક્ષા યોજાશે. પંચમહાલ જીલ્લામાં પરીક્ષાના સુચારૂ આયોજનને લઈને નિવાસી અધિક જીલ્લા કલેકટર એમ.ડી.ચુડાસમાના અધ્યક્ષસ્થાને ગોધરા, કલેકટર કચેરી, સભાખંડ ખાતે સબંધિત અધિકારીગણ સાથે પરીક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અધિક જીલ્લા કલેક્ટર દ્વારા પ્રિલિમરી પરીક્ષાના મુદ્દાઓ અંગે પરીક્ષા સમિતિ સાથે ચર્ચા કરવામા આવી હતી. જેમા જીલ્લાના કુલ પરીક્ષા કેન્દ્રો અને બિલ્ડીંગ, બેઠક વ્યવસ્થા, પોલીસ વિભાગ દ્વારા સ્ટાફની નિમણૂક કરવા માટે, જીલ્લા શિક્ષણ અધિકારી દ્વારા પરીક્ષાની કામગીરી માટે સ્ટાફની નિમણૂંક કરવા બાબત, તે સાથે જ ઝોનલ કચેરીઓ, વીજ પુરવઠો ચાલુ રાખવા બાબત, બસ સુવિધા યોગ્ય રીતે રાખવા બાબત, આરોગ્ય અધિકારી દ્વારા થતી કામગીરી, પરીક્ષા માટેની બહોળી પ્રસિદ્ધિ કરવાની, તેમજ પરીક્ષા કેન્દ્ર પર સલામતી વ્યવસ્થા જળવાઈ રહે અને સુચારૂરૂપે આ પરીક્ષા યોજાય તે માટેની તમામ પ્રકારની જરૂરી સલાહ સૂચનો આપ્યા હતા.

પંચમહાલ જીલ્લામાં તા.૨૧/૦૧/૨૦૨૪ના રોજ સવારે ૧૧ થી બપોરે ૦૨ કલાકે આદિજાતિ વિકાસ અધિકારી, વર્ગ ૨ની પ્રિલિમરી પરીક્ષા યોજાશે. જીલ્લામાં કુલ ૨૬ પરીક્ષા કેન્દ્રો અને ૨૬૧ બ્લોક ઉપર આ પરીક્ષા યોજાશે.જીલ્લામાં કુલ ૬૨૫૩ ઉમેદવારો આ લેવાનાર પરીક્ષામાં હાજરી આપશે. બેઠકમાં જીલ્લા શિક્ષણાધિકારી કિરીટભાઈ પટેલ, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ, જીલ્લા આરોગ્ય અધિકારી સહિત સંબંધિત અધિકારીઓ તેમજ સમિતીના સભ્યો ઉપસ્થિત રહી પરીક્ષા સુચારૂ રીતે શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે અંગે પરામર્શ કરવામાં આવ્યો હતો.

# ખેડાઃ ઠાસરા પ્રાથમિક શિક્ષણ ક્રેડિટ સોસાયટીમાં કૌભાંડ, ૨.૧૨ કરોડ રુપિયાની ગેરરીતિ સામે આવી

ખેડા, ખેડા જિલ્લાના ઠાસરાની પ્રાથમિક શિક્ષણ ક્રેડિટ સોસાયટીમાં કૌભાંડ થયુ હોવાનું સામે આવ્યુ છે. શિક્ષણ ક્રેડિટ સોસાયટીમાં ૨.૧૨ કરોડ રુપિયાની ગેરરીતિ થઈ હોવાનું સામે આવ્યુ છે. મળતી માહિતી પ્રમાણે જાણ કર્યા વિના જ ૨૬ શિક્ષકોના નામે ખોટી લોન અને ખોટી એન્ટ્રીઓ પાડવામાં આવી છે. પૂર્વ પ્રમુખ અને પૂર્વ મંત્રીએ ભેગા મળીને આ સમગ્ર કૌભાંડ રચ્યુ હોવાની માહિતી મળી છે.

ઠાસરાની પ્રાથમિક શિક્ષણ ક્રેડિટ સોસાયટીમાં કરોડોના કૌભાંડમાં રાજકારણીઓના નામ સામે આવ્યા છે. પૂર્વ પ્રમુખ ગોકળ ઠાકોર, પૂર્વ મંત્રી અજિત ઝાલા, કલાર્ક પંકજ પરમાર દ્વારા આ કૌભાંડ રચવામાં આવ્યુ હોવાનું સામે આવ્યુ છે, ત્યારે તેમની સામે કડક કાર્યવાહી કરવાના આદેશ અપાયા છે. જિલ્લા રજિસ્ટ્રારે આ લોકો પાસેથી તમામ રકમ વસૂલવા હુકમ પણ કર્યો છે. જિલ્લા રજિસ્ટ્રારે પૂર્વ પ્રમુખ પાસેથી કુલ ૧ કરોડ ૭૦ લાખ ૩૮૬ રૂપિયા વસૂલવા આદેશ આપ્યો છે.

પૂર્વ મંત્રી અજીત ઝાલા પાસે ૩૧ લાખ ૭૦ હજાર ૩૮૬ રૂપિયા વસૂલવા જણાવ્યુ છે. જિલ્લા રજિસ્ટ્રારે કલાર્ક પંકજ પરમાર પાસે ૧૦ લાખ ૬૩ હજાર ૪૬૨ રૂપિયા વસૂલવા આદેશ કર્યા છે. નાણાકીય વસુલાત સાથે પોલીસ કાર્યવાહી કરવા પણ મંડળીને ફરમાન કરવામાં આવ્યુ છે.

# ખાનપુરના બાબલીયા ચોકડી પાસે સ્વીફ્ટ કારએ એક્ટીવાને ટક્કર મારી ચાલકનું મોત નિપજાવતાં ફરિયાદ



ખાનપુર, ખાનપુર તાલુકાના બાબલીયા ચોકડી પાસે સ્વીફટ કારના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી એકટીવાને ટકકર મારી અકસ્માત સર્જી ચાલક માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી તેમજ પાછળ બેઠેલ મહિલાને ઓછી વધતી ઈજાઓ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ બાકોર પોલીસ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ ખાનપુર તાલુકાના બાબલીયા ચોકડી પાસેથી પસાર થતી સ્વીફટ કાર નં.એમએચ.૦૨.ડીજી.૮૨૧૮ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે બેફિકરાઈથી હંકારી લાવી એકટીવા નં.જીજે.૩૫.એમ. ૧૬૧૮ને ટકકર મારી અકસ્માત સર્જયો હતો અને એકટીવા ચાલક દિનેશભાઈ સોમાભાઈ વાળંદ (રહે. નરોડા, ખાનપુર)ને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ઘટના સ્થે મોત નિપજાવા પામ્યું હતું. જયારે એકટીવા પાછળ બેઠેલ ઈન્દુબેન ડાહ્યાભાઈ ગોકળભાઈ પટેલને શરીરે ઓછી વધતી ઈજાઓ તેમજ છાતીના ભાગે ફેકચર કરી ગુન્હો કર્યો. આ બાબતે બાકોર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા ૧૯૫૩ના હુકમની ચોરીના મામલામાં દાહોદ SDM સહિત પાંચ કર્મીઓને નોટિસ

ગોધરા, ગોધરાના પોપટપુરા ગામે પંચમહાલ પ્રાઈમરી એજયુકેશન સોસાયટીની જમીન જે તે હેતુ માટે ઉપયોગ ન કરીને અન્ય હેતુનો ઉપયોગ થતો હોવાની પ્રાંત અધિકારી ગોધરા દ્વારા વર્ષ-૧૯૫૩માં કરેલા હુકમ મુજબ પોપટપુરાની જમીનને શરત ભંગ કર્યાનો તા.૨૭/૦૬/૨૨ના રોજ હુકમ કરી પોપટપુરાની જમીનો સરકાર હસ્તગત કરવા માટેનો હુકમ કરવામાં આવેલ હતો. આ એજયુકેશન સોસાયટીની જમીનનો શ્રીસરકારનો મામલો હાઈકોર્ટમાં જતાં હાઈકોર્ટે ૧૯૫૩માં કરેલા હુકમની કોપી રજુ કરવા જતાં ગોધરા પ્રાંત કચેરીમાં ૧૯૫૩ના હુકમના દસ્તાવેજો ન મળતા ગોધરા પોલીસ મથકે અજાણ્યા ઈસમ સામે ચોરીની ફરિયાદ નોંધાઈ હતી છતાં હાઈકોર્ટે કડક વલણ અપનાવતા કલેકટર દ્વારા જવાબદારો સામે કાર્યવાહી કરવાની એફિડેફિટ કર્યા બાદ જે તે વખતના અને હાલ દાહોદ એસડીએમ તરીકે ફરજ બજાવતા પ્રાંત અધિકારી સહિત મહેસુલ વિભાગના ચાર કર્મચારીઓ મળી કુલ પાંચને કારણદર્શક નોટિસ આપીને ખુલાસો માંગ્યો છે. ત્યારે વર્ષ-૧૯૫૩માં બક્ષીસમાં આપેલી જગ્યાની નોંધ પડી છે કે હુકમ તે હજુ સુધી જાણી શકાયો નથી. વર્ષ-૨૦૨૨માં ગોધરા પ્રાંત દ્વારા કરેલ શ્રીસરકારનો હુકમની કોપીમાં વર્ષ-૧૯૫૩માં કરેલા હુકમની કોપી સાથે જોડેલી ન હોવાથી ફકત બક્ષીસ નોંધના આધારે હુકમ કર્યો હોવાની ચર્ચાઓ ઉઠવા પામી છે. ત્યારે વર્ષ-૨૦૨૨માં હુકમ કરનાર ગોધરા પ્રાંત અને હાલ ફરજ બજાવતા દાહોદ પ્રાંત સહિત પાંચ મહેસુલના કર્મચારીઓ દ્વારા નોટિસનો યોગ્ય ખુલાસો આપવા નહિ આવે તો કાયદેસરની કાર્યવાહીની ચિમકી આપવામાં આવી છે.

# ખેડા-આણંદમાં IT વિભાગનો સપાટો : રાજ્યની તમામ બિલ્ડર લોબીમાં ફફડાટ

અમદાવાદ, આજે વહેલી સવારે ખેડા, નડિયાદ અને આણંદમાં આઈટી વિભાગ દ્વારા સાગમેટ દરોડા પાડતા બિલ્ડરો તેમજ જ્વેલર્સ માલિકો દોડતા થઈ જવા પામ્યા હતા. જેમાં નડિયાદમાં મસાલાનો વેપાર કરતા એશિયન ગ્રુપ પર દરોડા પાડવામાં આવ્યા હતા. આણંદમાં નારાયણ બિલ્ડર, ક્રિષ્ના બિલ્ડર, જે.ડી. બિલ્ડરને ત્યાં પણ આઈટી દ્વારા રેડ કરી તપાસ હાથ ધરવામાં આવી હતી. તો લાંભવેલ રોડ પરની નારાયણ નંદન સાઈટ પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. વહેલી સવારથી આઈટી વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવતા બિલ્ડરો તેમજ જ્વેલર્સનાં માલિકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. ઈક્મટેક્ષ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલ મેગા સર્ચ ઓપરેશનમાં મોટી કર ચોરી પ્રકાશમાં આવે તેવી શક્યતા છે. ઈક્મટેક્ષ વિભાગ દ્વારા આણંદમાં જ્વેલર્સને ત્યાં તો નડિયાદમાં ગરમ મસાલાનાં વેપારી એશિયન ગ્રુપ પર આઈટીએ સાગમટે દરોડા પાડ્યા હતા. ત્યારે એશિયન ગ્રુપ આણંદના નારાયણ ગ્રુપ રીયલ એસ્ટેટ સાથે સંકળાયેલું છે. બંને ગ્રુપનાં ઓફીસ, ઘર મળી કુલ ૨૫ સ્થળો ઉપર આઈટી વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. મેગા સર્ચ ઓપરેશનમાં મોટી કરચોરી સામે આવવાની શક્યતાઓ છે.

# આપની આજ.......

મેષ : આજે તમારા માટે ખુશી અને શાંતિનો દિવસ રહેશે. મિત્રો અને પરિવાર સાથે મનોરંજન માટે પર્યટક સ્થળોની મુલાકાત લેવાની તક મળશે. વધુ ખર્ચાને કારણે પૈસા સંબંધિત સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

વૃષભ : આજે તમને મિશ્ર પરિણામ મળશે. સવારથી તમે શારીરિક થાક અને નબળાઈનો અનુભવ કરશો, જે આળસમાં વધારો કરશે. કાર્યમાં પણ આજનો દિવસ સામાન્ય રહેશે. નફો મેળવવા માટે તમારે વધુ મહેનત કરવી પડી શકે છે.

મિથુન : આજે તમારો દિવસ સાધારણ લાભકારક રહેશે. વધારે મહેનતને લીધે તમે થાક અનુભવો છો. સરકારી કામમાં ભાગદોડ પછી સફળતા મળશે. વ્યાવસાયિક પ્રવૃત્તિઓમાં વ્યસ્તતાને લીધે પરિવારની અવગણના કરવી પડી શકે છે. થોડી મહેનતથી તમને વધુ સફળતા મળશે. આજે આત્મવિશ્વાસ વધારે રહેશે.

કર્ક : આજે ફળદાયક દિવસ હોવાથી તમને શારીરિક અગવડતાનો અનુભવ થઈ શકે છે. હવામાન સતત બદલાતું રહે છે, તમારા સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. કાર્યસ્થળ પર વધારે કામના ભારણથી થાક રહી શકે છે.

સિંહ : તમારા માટે આજનો દિવસ મહેનતનો રહેશે. સખત મહેનત બાદ પણ કામમાં મોડું થતા નિરાશા વધી શકે છે. દિવસનો મોટાભાગનો સમય અશાંત રહેશે. નાની બાબતમાં ઘરે ઝઘડો થઈ શકે છે, તેથી શાંત રહો.

કન્યા : કોઈપણ પ્રકારનું જોખમ લેવા માટે સમય સારો છે. જો તમે રોકાણ અથવા રિયલ એસ્ટેટની ડીલ કરવાનું વિચારી રહ્યા છો તો આગળ ચર્ચા કરો. સારા ખોરાક અને વાહનથી આનંદ મળશે.

તુલા : જો તમારા પૈસા કોઈ યોજના અથવા યોગ્ય રોકાણ માટે ખર્ચ કરવામાં આવી રહ્યા છે તો તે વધુ સારું છે, અત્યારે તમારે પૈસા જ્યાં છે ત્યાં રાખવા જોઈએ. તમારે કામ માટે વધુ દોડવું પડી શકે છે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે અયોગ્ય દિવસ રહેશે, જ્યાં તમને લાભની અપેક્ષા રહેશે ત્યાંથી નિરાશા મળશે. બપોર સુધીમાં કોઈ દુષ્ટતાનો ભય મનમાં રહેશે.

ધન : આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. આધ્યાત્મિકતામાં વિશેષ રુચિ રહેશે. પૂજા અને સત્સંગનું આયોજન કરશો. તમે કોઈ શુભ ધાર્મિક યાત્રા પર પણ જઈ શકો છો.

મકર : આજનો દિવસ તમારા માટે પણ શુભ રહેશે. ઘરે સુખ-શાંતિ રહેશે. તમે દિવસભર શારીરિક અને માનસિક રીતે ફીટ રહેશો. જૂના રોગમાં સુધારણાથી રાહત મળશે. કાર્યક્ષેત્રે ઓછો સમય આપશો, નવા પ્રયોગોમાં પણ રસ બતાવશો.

કુંભ : કાર્યમાં ઈચ્છિત સફળતા પ્રાપ્ત કરવામાં તમને આનંદ થશે, પરંતુ સરકારી કામ કરવા માટે આજનો દિવસ સારો નથી, મુશ્કેલીઓ વધી શકે છે. ઘર અને બહાર મુશ્કેલી મુક્ત વાતાવરણ બનાવવામાં રાહત મળશે.

મીન : આજનો દિવસ તમારા માટે અનુકૂળ રહેશે. દિવસભર શારીરિક અને માનસિક ઉર્જા રહેશે. તમારું સામાજિક વર્તન સારુ રહેશે અને દિવસના પહેલા ભાગમાં તમારા બધા કામ સરળતાથી થઈ જશે પરંતુ તમારે લાભ માટે રાહ જોવી પડી શકે છે. પૈસા વિશે કોઈની સાથે દલીલ પણ થઈ શકે છે.

# દાહોદમાં રેન્જ IG ની અધ્યક્ષતામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મિટિંગ યોજાઈ

દાહોદ,

દાહોદ જીલ્લામાં સમાજના નાગરિકોને કાયદો અને વ્યવસ્થા અંગે જાગૃત કરવા તેમજ અન્ય વિવિધ સમસ્યાઓ તેમજ સમાજલક્ષી કામ કરતી સુરક્ષા સેતુ સોસાયટીની રેન્જ આઈ.જી.ની અદયક્ષતામાં વાર્ષિક મીટીંગ યોજાઈ હતી. જેમાં વર્ષ દરમિયાન સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત કરેલા કામોનો પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યો હતો. તો આ મામલે રેજ આઈ.જી.રાજેન્દ્ર અસારી દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. આ પહેલા એસપી કચેરી ખાતે પહોંચેલા રેન્જ આઈ.જી. રાજેન્દ્ર અસારીનું દાહોદ પોલીસ અધિક્ષક ડોક્ટર રાજદીપસિંહ ઝાલાએ પુષ્પગુચ્છથી આવકાર્યા હતા. તો દાહોદ પોલીસ દ્વારા પોલીસ પ્રોટોકોલ મુજબ પોલીસ અધિકારીનું ગાર્ડ ઓફ ઓનર સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એસપી કચેરી ખાતે રેજ આઈજી રાજેન્દ્ર અસારીના


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

અધ્યક્ષ સ્થાને કલેકટર ડોક્ટર હર્ષિત ગોસાવી, પોલીસ અધિક્ષક ડોક્ટર રાજદીપસિંહ ઝાલા, ડેપ્યુટી ડીડીયો, ટ્રેજહેરી અધિકારી, ડીવાયએસપી સાજીદ રાઠોડ સહિતના અધિકારીઓ વચ્ચે યોજાયેલી સુરક્ષા સેતુ સોસાયટી મિટિંગમાં વર્ષ દરમિયાન સમાજના નાગરિકોમાં જાગૃતિ લાવવા ખાસ કરીને ટ્રાફિક ટ્રક મહિલાઓની સમસ્યાની નિવારણ માટે સહિતના મુદ્દા ઉપર ચર્ચાઓ થઈ હતી. જેમાં રેન્જ આઈજી દ્વારા માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૨૧/ ૨૨/ ૨૩ નો અહેવાલ રજૂ કરી કામગીરી અંતર્ગત થયેલા ખર્ચને બહાલી આપવામાં આવી હતી. સાથે સાથે આવનાર વર્ષ ૨૦૨૪ ૨૫ ના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોકત અધિકારીઓની નીગ્રાની હેઠળ કાર્યરત સુરક્ષા સેતુ સોસાયટીમાં સમાજના નાગરિકોમાં જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યો કરવામાં આવે છે. તો દાહોદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી ૨૫ શાળાઓમાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ દ્વારા બાળકોની પરેડ પણ કરવામાં આવે છે. જેનો હેતુ સમાજમાં જાગૃતા લાવવા તથા જનરલ નોલેજ વધારવા માટે કામ કરવામાં આવે છે. જેમાં પોલીસ અને શિક્ષકો બાળકોને અલગ અલગ પ્રકારનું જ્ઞાન આપે છે તથા વર્ષ દરમિયાન સરકારી કચેરીઓ જેવી કે કલેકટર કચેરી, પ્રાંત કચેરી, મામલતદાર કચેરી, પોલીસ ખાતું, ફાયર બ્રિગેડ સહિતના સરકારી સંસ્થાનોની મુલાકાત કરાવે છે. જેનું હેતુ એવું હોય છે કે આવનાર નવી પીળી એટલે કે બાળકોને સરકારી વહીવટી તંત્ર કેવી પદ્ધતિ કામ કરે છે તે અંગે માહિતગાર કરવાનું હોય છે. આવા તમામ પ્રકારની કામગીરી કરતી સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મીટીંગ યોજાઈ હતી. જેમાં ઉપરોકત અધિકારીઓ વચ્ચે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

# અયોધ્યામાં ભગવાન શ્રીરામની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા પૂર્વે ફતેપુરા તાલુકાના પાટીમાં માતાના મંદિરે ભજન સત્સંગ તથા શોભાયાત્રાનું આયોજન કરાયું

ફતેપુરા,

અયોધ્યામાં ખાતે ૨૨ જાન્યુઆરીના રોજ નવનિર્મિત મંદિરમાં ભગવાન શ્રીરામની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા પૂર્વે રામ ભક્તોનો ઉત્સાહ છલકાવા લાગ્યો છે. જે અંતર્ગત ફતેપુરા તાલુકાના પાટી ગામે આવેલ માતાના મંદિર ખાતે ગ્રામજનો દ્વારા ૧૫ તથા ૧૬ જાન્યુઆરીના રોજ ભજન, સત્સંગ, કળશ તથા શોભાયાત્રા સહિત ભંડારાનું આયોજન કરાયું હતું. જેમાં ગામના વડીલો, ભાઈ–બહેનો તથા બાળકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો.



પ્રાપ્ત વિગતો મુજબ અયોદયા મંદિરમાં ૨૨ જાન્યુઆરીના રોજ ભગવાન શ્રીરામજીની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠાના સુવર્ણ અવસરના અનુસંધાને ફતેપુરા તાલુકાના પાટી ખાતે આવેલ માતાના મંદિરે ગ્રામજનોની ઉપસ્થિતિમાં વાલજીભાઈ ભેદી મહારાજની આગેવાની અને નવલભાઈ ચારેલના સહયોગથી ૧૫ જાન્યુઆરીના રોજ રાત્રિના ભજન સત્સંગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જયારે ૧૬ જાન્યુઆરીના રોજ સવારના પાટી ખાતે આવેલ માતાના મંદિરથી કળશ યાત્રા સહિત શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ગામના ભાઈ–બહેનો, વડીલો અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને જય શ્રીરામના નારા બોલાવી ગામને રામ મય બનાવ્યું હતું. ભક્તોએ ‘‘હર રંગમે રામ, હર ઘરમે રામ’’ની લાગણી વ્યક્ત કરી હતી. તેમજ શોભાયાત્રા દ્વારા ઘરે–ઘરે ચોખા તથા અક્ષત પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રાએ સમગ્ર પાટી ગામમાં ભ્રમણ કર્યું હતું. ત્યારબાદ શોભાયાત્રા પરત મંદિરે ફરી હતી અને ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનોએ હાજર રહી મહાપ્રસાદનો લાભ લીધો હતો. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, ૨૨ જાન્યુઆરીના રોજ અયોદયા ખાતે શ્રીરામજીની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના આયોજન કાર્યક્રમમાં હાજરી આપવા માટે સુખસર વિસ્તારના નાના બોરીદા, ઘણીખુટ તથા અન્ય ગ્રામ્ય વિસ્તારો માંથી યુવાનો અયોધ્યા જવા મંગળવારના રોજ રવાના થયા હોવાનું જાણવા મળે છે.

# દે.બારીયા કાપડી વિસ્તારમાં ધમધમતા જુગારધામ ઉપર પોલીસે રેઈડ કરી ૧૬ જુગારીયાઓને ૬૩ હજારના મુદ્દામાલ સાથે ઝડપ્યા

દાહોદ,

જુગાર માટે હંમેશા વિવાદમાં રહેલા દેવગઢ બારીઆ કાપડી વિસ્તારમાં ધોળે દહાડે ધમધમી રહેલા જુગારધામ પર દેવગઢ બારીઆ પોલીસે ત્રાટકી ૧૬ જેટલા જુગારીયાઓને રોકડ, મોબાઈલ તેમજ પત્તાની કેટ મળી રૂપિયા ૬૩ હજાર ઉપરાંતના મુદ્દામાલ સાથે ઝડપી પાડી જેલના સળીયા પાછળ મોકલી આપ્યાનું જાણવા મળ્યું છે.

દેવગઢ બારીઆ નગરના કાપડી વિસ્તારમાં ખાંડા ફળીયામાં જાહેરમાં કેટલાક જુગારીયાઓ પત્તા–પાના વડે હારજીતનો જુગાર રમી રહ્યા છે તેવી બાતમી દે.બારીયા પોલીસને મળી હતી. જે બાતમીને આધારે ગઈકાલે સવારે સાડા અગ્યાર વાગ્યાના સુમારે દદેવગઢ બારીઆ પોલીસની ટીમ બાતમીવાળી જગ્યાએ રમાતા જુગાર પર ઓચિંતો છાપો મારતાં જુગાર રમી રહેલા લોકોમાં નાસભાગ મચી જતાં પોલીસે તેઓને ચારે બાજુ કોર્ડન કરી ઘેરી લઈ જુગાર રમી રહેલા કાપડીના અયુબભાઈ અબ્દુલ્લા ચાંદા, સુલતાનભાઈ હુસેનભાઈ પટેલ, ખાંડા ફ્વીયાના શબ્બીરભાઈ મજીતભાઈ ખાંડા, દેવગઢ બારીઆના અજીતભાઈ નાનાભાઈ બાંડીબારીયા, કાપડીના સલમાનભાઈ એહમદભાઈ ખાંડા, યાકુબભાઈ સત્તારભાઈ ચાંદા, સાદીકભાઈ મહંમદભાઈ ઘાંચી, ફીરોજભાઈ કયુમ બાંડીબારીયા, સોયેબભાઈ એહમદભાઈ ખાંડા, સીદ્દીકભાઈ ફારૂકભાઈ ખાંડા, મજીતભાઈ રસુલભાઈ રહીમવાલા, ડાંગરીયા ગામના છગનભાઈ સબુભાઈ કોળી, દે.બારીયા કાપડીના હકીમભાઈ મજીતભાઈ ખાંડા, ગોધરાના સોકતભાઈ મજીતભાઈ છોડા, કાપડીના સત્તારભાઈ યુસુફભાઈ ઘાંચી તથા ઈમરાનભાઈ મજીતભાઈ કડવાને ઝડપી પાડ્યા હતા અને સ્થળ પરથી અલગ અલગ દરની ચલણી નોટો અંગઝડતી માંથી તથા દાવ પરથી અલગ અલગ દરની ચલણી નોટો મળી કુલ રૂા.૧૮,૦૬૫ની રોકડ તથા રૂપિયા ૪૫,૫૦૦ની કુલ કિંમતના મોબાઈલ ફોન નંગ–૧૦ તથા પત્તા પાના નંગ–૧૦૪ મળી કુલ રૂપિયા ૬૩, ૫૬૫નો મુદ્દામાલ ઝડપી પાડી કબજે લઈ લઈ પકડાયેલા ઉપરોક્ત ૧૬ જણા વિરૂદ્ધ જુગારનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ ડીઆરડીએ અને કાનૂની સેવા સત્તા મંડળના સંયુકત ઉપક્રમે લીગલ વર્કશોપનું આયોજન કરાયું



દાહોદ,

દાહોદ ખાતે આજ તા.૧૭/૦૧/૨૦૨૪ના રોજ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી તથા જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદના સંયુક્ત ઉપક્રમે લીગલ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ.

જેમાં ફુલ ટાઈમ સેક્રેટરી એ.આર. ઘોરી દ્વારા ઘરેલુ હિંસા તથા પ્રોટેક્શન અધિકારી પી.આર. પટેલ દ્વારા દહેજ પ્રતિબંધ કાયદા વિશે વિસ્તૃત સમજુતી આપવામાં આવેલ તથા સાથે ઉપસ્થિત રહેલ વકીલ તુષારભાઈ સોલંકી દ્વારા POCSO કાયદા વિશે અને હીરાલાલ સોલંકી પેરા લીગલ વોલેંટીયર દ્વારા SHG લોન વિશે માહિતી આપવામાં આવી. જેમાં સખી મંડળની લગભગ ૧૫૦ જેટલી બહેનો તથા સ્ટાફ ઉપસ્થિત રહેલ હતા.

# બિલવાણી ગામે એકાદશ કુંડીય સહસ્ત્રચંડી મહાયજ્ઞ નો બીજો દિવસ


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના લીમડી નજીક બિલવાણી ગામે પ્રવર્તમાન સંજોગો અને ખાસ કરીને ભારત વર્ષમા સુખ શાંતી સમ્રૃદ્ધી સાથે લોક કલ્યાણ તેમજ રામ મંદિર નિર્માણ હેતુ એકાદશ કુંડીય મહાયજ્ઞનો બીજો દિવસ સવારે ૯ કલાક થી પુજાનો પ્રારંભ કરવામા આવ્યો હતો. જેમાં મદયપ્રદેશ અને બનારસના વિદ્વાન પંડીતો દ્વારા એકાદશ કુંડીય મહાયજ્ઞના બીજા દિવસે અગ્નિ સ્થાપના, મંડળ પુજન, સગ્રહમખ, દુર્ગાસપત્શતી પાઠ હવન સહીતની પુજાવીધી કરવામા આવી હતી. મહાયજ્ઞના બીજા દિવસે યજ્ઞશાળામા વિદવાન પંડિતો દ્વારા અરણી પુજન કરવામાં આવ્યું હતું. ખાસ આ અરણી પુજનમા પંડીતો દ્વારા શાસ્તોકત મંત્રોચ્ચાર કરી અરણી પુજન (અગ્નિ પ્રગટાવવામા) આવી હતી. શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર થી અગ્નિ પ્રગટાવ્યામા આવી હતી. અગ્નિ પ્રગટાવ્યા બાદ ૧૧ જેટલા હવન કુંડમા હવનની શરૂઆત કરવામાં આવી હતી. ખાસ કરીને યજમાન સહીતના પ્રજાજનોએ આ અરણી પુજા (અગ્નિ પ્રગટાવવા)નો લ્હાવો લીધો હતો. મંત્રોચ્ચાર થી પ્રગટ થયેલ અગ્નિને જોઈ સૌ કોઈ આશ્ચર્ય ચકિત થયા હતા. કાર્યક્રમના અંતે મહાઆરતી પણ કરવામા આવી હતી.

મહાયજ્ઞના બિજા દીવસે દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કીશોરી અને નગર પાલીકાના ઉપપ્રમુખ શ્રદ્ધાબેન ભડંગે પણ પુજનમા બેસી ધન્યતા અનુભવી હતી.

# દાહોદ ચંદવાણા ગામે ૬૮ હજારનો ઈંગ્લીશ દારૂ LCBએ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ચંદવાણા ગામેથી દાહોદ એલસીબી પોલીસે એક દુકાનમાંથી વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂપિયા ૬૮,૩૧૦/– ના કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે દુકાનદારની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ ચંદવાણા ગામે ગાડી ફળિયામાં રહેતા દલાભાઈ છગનભાઈ ગારી પોતાના ઘરની બાજુમાં આવેલ પોતાની દુકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખી વેચાણ કરતો હોવાની દાહોદ એલસીબી પોલીસને બાતમી મળી હતી. જે બાતલીના આધારે પોલીસે તેની દુકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી દુકાનની તલાસી લેતા દુકાનમાંથી વિદેશી દારૂ તથા બિયરની કુલ બોટલો નંગ.૫૫૫ કિંમત રૂપિયા ૬૮,૩૧૦/–ના પ્રોહી જથ્થા સાથે દલાભાઈ છગનભાઈ ગારીને દાહોદ એલસીબી પોલીસી ઝડપી પાડી આ સંબંધે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પ્રોહીબિશનનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ પરેલ રેલ્વે કારખાનાના પાર્કિંગ માંથી બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ પરેલ રેલ્વે કારખાનાના પાર્કીંગમાંથી ધોળે દહાડે રેલ્વેના એક કર્મચારીની રૂા. ૭૦ હજારની કિંમતની મોટર સાયકલ ચોરાયાનું જાણવા મળ્યું છે. ગત તા.૧૨–૧–૨૦૨૪ના રોજ દાહોદ પરેલમાં રેલ્વેના કારખાનામાં નોકરી કરતા અને વાંદરીયા ગામે મેડા ફળિયામાં રહેતા વાલુભાઈ હુમજીભાઈ બીલવાળ પોતાની રૂા.૭૦ હજારની કિંમતની જીજે–૨૦–એએફ–૭૩૦૭ નંબરની ટીવીએસ કંપનીની અપાચી મોટર સાયકલ લઈ સવારે સાડા આઠ વાગ્યે નોકરી પર આવ્યા હતા અને પોતાની મોટર સાયકલ પાર્કીંગમાં લોક મારી પાર્ક કરી કારખાનામાં ગયા હતા અને સાંજે સાડા પાંચેક વાગ્યાના સુમારે ફરજ પરથી છુટી કારખાનામાંથી બહાર આવ્યા હતા. તે સમય ગાળામાં કોઈ બાઈક ચોર કારખાનાના પાર્કીંગમાં પાર્ક કરેલ વાંદરીયા ગામના વાલુભાઈ હુમજીભાઈ બીલવાળની ટીવીએસ કંપનીની અપાચી મોટર સાયકલ ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે દાહોદ બી ડીવીઝન પોલીસે મોટર સાયકલના માલીક વાલુભાઈ હુમજીભાઈ બીલવાળની ફરિયાદને આધારે ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# એમ.પી. માછલીયા ઘાટ ઉપરથી પસાર કરવામાં વાહનચાલકોને પાંચ મિનીટનો સમય લાગશે

દાહોદ,

દાહોદ–ઈન્દૌર હાઈવે પર મદયપ્રદેશમાં આવેલા માછલીયા ઘાટ ઉપર બનાવેલા નવા ફોરલેન ઉપર ૨૦ ડિસેમ્બરથી ટ્રાફિક શરૂ કરી દેવાયો છે. પહેલા અડધા કલાકમાં પસાર કરાતો ઘાટ સેકશન હવે પાંચ મિનિટમાં પસાર કરી લેવાતો હોવાના કારણે વાહનચાલકોને રાહત થઈ છે. એક સમયે રાતના સમયે બિહામણો અને પસાર થવામાં ભયભીત કરી મુકે તેવો ઘાટનો નજારો રાતના સમયે સુંદર નજરે પડે છે. ઘાટ ઉપર બનાવવામાં આવેલા ઉંચા બ્રિજ ઉપર લાઈટીંગથી તેની સુંદરતા વધવા સાથે લુંટફાટના ભયમાંથી પણ મુક્તિ મળી છે. આ ઘાટમાં ભુતકાળમાં લુંટો થતી હોવાથી પોલીસ સાથે પસાર કરવો પડતો હતો. ઉલ્લેખનિય છે કે, ઝાબુઆથી માંડીને ઈન્દૌર સુધીના ૧૫૫ કિ.મી.ના આ હાઈવે ઉપર ૧૬ કિ.મી.નુ નવુ નિર્માણ કરાયુ છે. એનએચઆઈએ સમારકામ કરાવ્યુ પણ કેટલાક ભાગમાં પસાર થવામાં ચાલકોને તકલીફ થઈ રહી છે. ઝાબુઆથી ઈન્દોર સુધીના ૩૦૦ રૂપિયા ટોલટેક્ષ છે. માછલીયા ઘાટ એનએચએઆઈને સોંપ્યા બાદ ટોલમાં વધારો પણ થઈ શકે છે.

# ઝાલોદના કચુંબર ગામે અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતાં ૨૫ વર્ષીય યુવકનું મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના લીમડીથી ડુંગરી તરફ મોટર સાયકલ પર જઈ રહેલા ૨૫ વર્ષીય યુવાનની મોટર સાયકલને ઝાલોદ તાલુકાના કચુંબર ગામે અજાણ્યું વાહન ટક્કર મારી નાસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૨૫ વર્ષીય યુવાનનું સ્થળ પર જ મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે.

ઝાલોદ તાલુકાના ડુંગરીયા મના ગેગદીયા ફળીયામાં રહેતા ૨૫ વર્ષીય દીપકભાઈ મડીયાભાઈ ડામોરે ગતરોજ સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે તેની મોટર બજાર પલ્સર મોટર સાયકલ લઈને લીમડીથી ડુંગરી તરફ આવતો હતો તે વખતે કચુંબર ગામે આવતા પુરપાટ દોડી આવેલ અજાણ્યું વાહન દીપકભાઈ ડામોરની બજાજ પલ્સર મોટર સાયકલને જોશભેર ટક્કર મારી નાસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ પરથી ફંગોળાઈને રોડ પર પટકાયેલ દીપકભાઈ ડામોરને માથાના ભાગે તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. આ સંબંધે ડુંગરી ગામના ગેગદીયા ફળીયામાં રહેતા રણજીતભાઈ સુરતાનભાઈ ડામોરે નોંધાવેલ ફરિયાદને આધારે લીમડી પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ઈપિકો કલમ ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એક્ટ કલમ ૧૭૭, ૧૩૪, ૧૮૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# શિક્ષકોએ નોકરી બાદ ઉચ્ચ શિક્ષણ લીધું તો પ્રમોટને બદલે ‘ડિમોટ’ થયા!

અમદાવાદ,

ખરેખર સરકારમાં કેવા નિર્ણયો લેવાય છે એ એક સવાલ છે. ગુજરાત હાઈકોર્ટમાં ત્રણ પ્રાથમિક શિક્ષકોના કેસની સુનાવણી ચાલી રહી છે જેમને ડિમોટ કરવામાં આવ્યા હતા. આ શિક્ષકોને અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએશનની ડીગ્રીઓ મેળવવા બદલ ડિમોટ કરવામાં આવ્યા હતા. શિક્ષકો વધુ ઉચ્ચ અભ્યાસ કરે એ સારી બાબત છે પણ અહીં તો ઉચ્ચ શિક્ષણ લેવું એ ગુનો હોય તેમ પ્રમોશન પામેલા શિક્ષકોને ડિમોશન મળી ગયું છે. હવે તેમને ન્યાયનો સહારો લીધો છો.

આ કેસમાં જસ્ટિસ નિખિલ કરિયાલની બેન્ચે યથાસ્થિતિ જાળવવાનો આદેશ આપ્યો હતો, જેનો અર્થ છે કે મગન ડોડિયા, સવજી પરમાર અને હરેશ રાજયગુરુ આગામી આદેશો સુધી મુખ્ય શિક્ષક તરીકે જ સ્કૂલમાં ફરજ બજાવશે. કોર્ટે અધિકારીઓને નોટિસ પાઠવીને આગામી સુનાવણી બુધવારે નિયત કરી છે. રાજ્ય સરકારે પ્રમોશન માટે અમુક પાત્રતા માપદંડો લાગુ કર્યા પછી, ત્રણેય મુખ્ય શિક્ષક એપ્ટિટ્યુડ ટેસ્ટ પરીક્ષા પાસ કરી - જે મુખ્ય શિક્ષક બનવા માટે જરૂરી છે - અને ૨૦૧૨ માં પોસ્ટ પર બઢતી આપવામાં આવી હતી. હવે ૮ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ, ભાવનગર મ્યુનિસિપલ એજ્યુકેશન કમિટીએ તેમનું પ્રમોશન રદ કર્યું અને પ્રાથમિક શિક્ષકોની તેમની મૂળ પોસ્ટ પર મૂકી દીધા હતા. આમ પ્રમોશનને બદલે ડિમોશન કરાયું હતું. આ સજા વિભાગની યોગ્ય પરવાનગી વિના ઉચ્ચ શિક્ષણ મેળવવાના "ગેરવર્તન" માટે હતી. ભાવનગરમાં નોકરી કરતા આ ત્રણેય શિક્ષકો હાઈકોર્ટમાં પહોંચ્યા હતા, જ્યાં તેમના વકીલે જણાવ્યું હતું કે આ શિક્ષકોએ ઉચ્ચ અભ્યાસ કરવા માટે પરવાનગી માંગી હતી. જ્યારે સત્તાધિકારીએ ડોડિયા અને પરમારની સ્નાતક અભ્યાસને આગળ ધપાવવાની વિનંતીનો જવાબ આપ્યો ન હતો, રાજયગુરુને ૧૯૮૮માં સ્નાતક અભ્યાસ અને પછી ફરીથી ૨૦૧૦માં માસ્ટર ડિગ્રી મેળવવાની મંજૂરી આપવામાં આવી હતી. તેમ છતાં રાજયગુરુને આ સજા આપવામાં આવી હતી. વકીલોએ એવી પણ ફરિયાદ કરી હતી કે તપાસ રિપોર્ટ ક્યારેય શિક્ષકો સાથે શેર કરવામાં આવ્યો ન હતો જેથી તેઓ સત્તાવાળાઓને જવાબ આપી શકે. ગુનો કર્યો હોય તો તેમને એક તક તો આપવી જરૂરી છે. શિક્ષકોનો આક્ષેપ છે કે તેમની વાતને સાંભળ્યા વિના તેમને દોષી ઠેરવી દઈને સજા આપવામાં આવી છે.

# વડનગરમાંથી ૨૮૦૦ વર્ષ જૂના વસાહતના અવશેષો મળી આવતા સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા

મહેસાણા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગામ વડનગરમાં પુરાતત્વીય ખોદકામ દરમિયાન આશરે ૨૮૦૦ વર્ષ જૂની વસાહતના પુરાવા મળ્યા છે. ગુજરાતના વડનગરમાં આઈઆઈટી ખડગપુરના નેતૃત્વમાં આ ખોદકામ ચાલી રહ્યું હતું. પીએમ નરેન્દ્ર મોદીના ગામ વડનગરમાં મળેલા ૨૮૦૦ વર્ષ જૂના વસાહતના અવશેષો અંગે આઈઆઈટી ખડગપુરના જીઓલોજી અને જિયોફિઝિક્સના પ્રોફેસર ડૉ.અનિંદ્ય સરકારે કહ્યું કે અમે છેલ્લા ચાર-પાંચ વર્ષથી અહીં એએસઆઈ સાથે કામ કરી રહ્યા છીએ.

ડૉ.અનિન્દ્ય સરકારે કહ્યું કે એએસઆઈ ૨૦૧૬થી કામ કરી રહ્યું છે અને ૨૦ મીટરની ઊંડાઈ સુધી ખોદકામ કરવામાં આવ્યું છે. અહીં એક ખૂબ જ જૂનો બૌદ્ધ મઠ પણ મળી આવ્યો છે. તેમણે કહ્યું કે વડનગરનો ઈતિહાસ ઘણો જૂનો છે. અહીં ખોદકામ દરમિયાન સાત સાંસ્કૃતિક સ્તરો બહાર આવ્યા છે. સૌથી જૂની માનવ વસાહત ૨૮૦૦ વર્ષ અથવા ૮૦૦ બીસીની છે. તે જ સમયે, પુરાતત્વ વિભાગના નિરીક્ષક મુકેશ ઠાકોરે પણ પીએમ નરેન્દ્ર મોદીના ગામ વડનગરમાંથી મળી આવેલા ૨૮૦૦ વર્ષ જૂના વસાહતના અવશેષો પર પ્રતિક્રિયા આપી છે .

વડનગરમાં ૨૮૦૦ વર્ષ જૂની વસાહતના અવશેષો અંગે પુરાતત્વ વિભાગના નિરીક્ષક મુકેશ ઠાકોરનું કહેવું છે કે ગુજરાતના વડનગરમાં તે સમયથી ખોદકામ ચાલી રહ્યું છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા. ગુજરાતના. અહીં એક લાખથી વધુ અવશેષો મળી આવ્યા છે. આ સભ્યતા જોઈને એવું લાગે છે કે અહીં પાણીની વ્યવસ્થા અને પાણીનું સ્તર હોવું જોઈએ. રિપોર્ટ અનુસાર, તેમણે કહ્યું કે વડનગરમાં અત્યાર સુધીમાં લગભગ ૩૦ જગ્યાઓ પર ખોદકામ કરવામાં આવ્યું છે. ખોદકામ દરમિયાન મળેલા પુરાવાઓને જોતા એવું લાગે છે કે અહીં વિવિધ ધર્મો - બૌદ્ધ, જૈન અને હિંદુ ધર્મના લોકો ખૂબ જ સુમેળમાં રહેતા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.124

# હાલોલના ચાંચડિયા ગામે સ્ટેટ મોનિટરીંગ સેલે રેઈડ કરી બુટલેગરનો ૧૧.૭૬ લાખનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો



હાલોલ,

હાલોલ તાલુકાના ચાંચડિયા ગામે સ્ટેટ મોનિટરીંગ ગામે સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા ચોકકસ બાતમીના આધારે રેઈડ કરી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂ કિંમત ૧૧.૭૬ લાખના તેમજ ટ્રક અને અન્ય મુદ્દામાલ મળી ૨૧.૮૧ લાખના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના ચાંચડિયા ગામે બુટલેગર હિતેશ ઉર્ફે જાડો જશવંત રાઠોડ અને મોહમંદ કુરેશી દ્વારા ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવેલ હોય તેવી ચોકકસ બાતમીના આધારે સ્ટેટ મોનિટરીંગ સેલે રેઈડ કરવામાં આવી હતી. ટ્રક માંથી દારૂનો જથ્થો ઉતારી રહેલા મજુર પ્રવિણભાઈ બચુભાઈ પરમારને ઝડપી પાડી પુછપરછ કરતાં દારૂનો જથ્થો હિતેશ ઉર્ફે જાડો અને કુરેશી મોહમંદ નસીમ મોહમંદ ઈશુબ દ્વારા મંગાવવામાં આવ્યો હોવાની કબુલાત કરી હતી. આ દારૂનો જથ્થો છોટાઉદેપુરના મીઠીબોરના ભીખાભાઈ ભલજીભાઈ રાઠવા દ્વારા ભરી આપવામાં આવ્યો હતો. સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા ૧૧.૭૬ લાખનો વિદેશી દારૂ ટ્રક તેમજ ઝડપાયેલ મજુરનો મોબાઈલ ફોન મળી કુલ ૨૧.૮૧ લાખનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે હિતેશ ઉર્ફે જાડો જશવંત રાઠોડ, કુરેશી મોહમદ નસીલ મોહમદ ઈસુબ (ટ્રક માલિક) તેમજ દારૂનો જથ્થો ભરી ભરી આવનાર ભીખા રાઠવા વિરૂદ્ધ પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી.

# ગોધરાના લાડપુર ગામે હાઈવે ડીઝલ-ઓઈલ પંપ ઉપર જીલ્લા પુરવઠા અધિકારીની તપાસ દરમિયાન ગેરરીતિ ઝડપાતા પંપને સીઝ કરાયો



ગોધરા,

પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા ગોધરા તાલુકાના લાડપુર ગામે આવેલ લાઈટ ડીઝલ–ઓઈલ પંપ આકસ્મિક તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સ્ટોક પત્રકમાં ગેરરીતિ અને ડેન્સીટી રજીસ્ટર ન નિભાવવા સહિતની ગેરરીતિ જણાઈ આવતાં લાઈટ ડીઝલ–ઓઈલ પંપને સીઝ કરવામાં આવ્યો.

ગોધરા તાલુકાના લાડપુર ગામે આવેલ લાઈટ ડીઝલ–ઓઈલ પંપ ઉપર પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. ચેકીંગ દરમિયાન લાઈટ ડીઝલ–ઓઈલ પંપમાં સ્ટોક પત્રકમાં ગેરરીતિ, ડેન્સીટી રજીસ્ટર ન નિભાવવા તેમજ ડેઈલી સેલ રજીસ્ટર જેવા અલગ–અલગ પત્રકો પણ નિભાવવામાં આવતાં હોવાનું સામે આવ્યું હતું. જેને લઈ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા લાઈડ ડીઝલ–ઓઈલનો કિંમત ૧૪ લાખનો ૧૯ હજાર લીટર જથ્થો સીઝ કરી પંપને પણ સીલ કરવામાં આવ્યો અને પુરવઠા અધિકારીની તપાસ દરમિયાન સામે આવેલ ગેરરીતિ બાબતે વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા પેટ્રોલ અને ડીઝલ પંપ ઉપર તપાસ કાર્યવાહી શરૂ કરતાં ગેરરીતિ આચરતા લોકોમાં ફફડાટ જોવા મળ્યો છે.

# પંચમહાલ જીલ્લાના મોરવા હડફ તાલુકાના સાલીયા(સંતરોડ) સ્થિત જે.આર. ભાટીયા હાઈસ્કુલ ખાતે જીલ્લાકક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાશે



ગોધરા,

પંચમહાલ જીલ્લામાં આગામી તા.૨૬મી જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ પ્રજાસત્તાક પર્વની જીલ્લાકક્ષાની ઉજવણી વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડની અધ્યક્ષતામાં મોરવા હડફ તાલુકાના સાલીયા(સંતરોડ) સ્થિત જે.આર.ભાટીયા હાઈસ્કુલ ખાતે કરાશે.

જીલ્લા કલેકટર આશિષ કુમારના માર્ગદર્શન અને રાહબરી હેઠળ પ્રજાસત્તાક પર્વની જીલ્લાકક્ષાની યોજાનાર ઉજવણીના પૂર્વ સુચારૂ આયોજન અને તૈયારીઓ અંગે આજે ગોધરા કલેકટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી.

સંબંધિત વિભાગોના અમલીકરણ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં ઉજવણીના આયોજન માટે સંબંધિત અધિકારીઓને કામગીરીની સોંપણી કરવામાં આવી હતી.આ જવાબદારી અંગે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમના દિવસે અધિકારી–કર્મચારીઓ અને બહોળી સંખ્યામા નાગરિકો આ રાષ્ટ્રીય પર્વમાં હર્ષભેર ભાગ લે તેમ જણાવ્યું હતું.

જીલ્લાકક્ષાના ધ્વજવંદન સમારોહમાં પોલીસ બેન્ડની મધુર સુરાવલીઓની ધૂન વચ્ચે પોલીસ સહિત અન્ય સુરક્ષા જવાનોની પ્લાટુનોની પરેડ પણ યોજાશે.આ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ, માઈક–મંડપ, લાઈટ, પાણી, વીજળી તેમજ વિશિષ્ટ કામગીરી કરનાર કર્મયોગીઓને પ્રમાણપત્ર આપી મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવશે. તે અંગેની તૈયારીઓ સહિત સમગ્રતયા કાર્યક્રમ શાનદાર રીતે યોજાય તે અંગેનું આયોજન અને અમલવારી કરવા સંબંધિત વિભાગોને જણાવવામાં આવ્યું હતું. કાર્યક્રમ પૂર્ણ થયે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાશે.

નિવાસી અધિક જીલ્લા કલેકટર એમ.ડી. ચુડાસમાએ બેઠકનું સંચાલન કરીને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ યાદગાર અને શાનદાર રીતે ઉજવાય તે માટે આપીલ કરાઈ હતી.બેઠકમાં સંબંધિત વિભાગના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરા ચાંદણગઢ ખોડીયાર મંદિર ખાતે ૫૧ કુંડી શતચંડી મહાયાગ અને શ્રી મહાયાગ યજ્ઞની પૂજાની શરૂ કરાયો

## અયોધ્યા રામ મંદિરના ગર્ભ ગૃહમાં પૂજા સમયે યજ્ઞશાળામાં પૂજા શરૂ કરાઈ



શહેરા,

શહેરાના ચાંદણગઢ ખોડીયાર માતાજીના મંદિરના પટાંગણમાં ત્રીદિવસીય ૫૧ કુંડી શતચંડી મહાયાગ અને મહાયાગ યજ્ઞનો પ્રારંભ થયો હતો. અયોધ્યા રામ મંદિર ખાતે ગર્ભ ગૃહમાં જે સમયે પૂજા કરવામાં આવી હતી. એ જ સમયે યજ્ઞશાળામાં પૂજાની શરૂઆત કરવામાં આવી હતી. જ્યારે ૧૩૧ બ્રાહ્મણો દ્વારા મહાપૂજા કરવામાં આવવા સાથે ૫૧ યજ્ઞકુંડમાં દોઢ લાખ આહુતિ આપવામાં આવનાર છે.

શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દ્વારા ચાંદણગઢ ખોડીયાર માતાજીના મંદિરના પટાંગણમાં ત્રીદિવસીય ૫૧ કુંડી શતચંડી મહાયાગ અને મહાયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞનો પ્રારંભ સવારના સાત વાગ્યાથી કરવામાં આવવા સાથે ૧૩૧જેટલા બ્રાહ્મણોના વૈદિક મંત્ર સાથે ૫૧ જેટલા જોડાઓએ મંડપ પ્રવેશ કરીને દેવતાઓનું આહવાહન પૂજન મંડપ વાસ્તુ સહિતની પૂજા વિધિ કરવામાં આવી હતી. જોકે, અયોધ્યા રામ જન્મભૂમિ ઉપર મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ચાલી રહ્યો છે. ત્યાં ગર્ભ ગૃહમાં પ્રવેશ કરવાનો જે શુભ મુહૂર્ત હતું. તેજ શુભ મુહૂર્તમાં યજ્ઞશાળામાં પૂજા વિધિ શરૂ કરવામાં આવતા વાતાવરણ ભક્તિમય બની જવા પામ્યું હતું. આ યજ્ઞશાળામાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ તેમજ તેમના પરીવાર સહિતના યજમાનો ખોડીયાર માતાજીના સાનિધ્યમાં ત્રણ દિવસ યજ્ઞશાળામાં પૂજા–અર્ચના કરનાર છે. બ્રાહ્મણો દ્વારા પ્રથમ દિવસે અહી ૧૦૦ જેટલા શતચંડી પાઠ બ્રાહ્મણો દ્વારા કરવામાં આવવા સાથે ત્રણ દિવસ સુધી અહીં યજ્ઞશાળામાં મહાપુજાની વિધિ શરૂ રહેનાર છે. જ્યારે ધારાસભ્ય ભરવાડના નિકટના ગણાતા જીગ્નેશભાઈ પાઠકે જણાવ્યું હતું કે, અયોધ્યા મુકામે ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠાનો જે કાર્યક્રમ ચાલે છે એ જ પ્રમાણે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દ્વારા ૫૧ કુંડી શતચંડી મહાયાગ યજ્ઞનું આયોજન અહી કરવામાં આવ્યું છે. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની એવી ઈચ્છા હતી કે, જ્યારે અયોધ્યા મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને ખૂબ સરસ અને સુંદર કાર્યક્રમ થતો હોય ત્યારે ૫૧ કુંડી શતચંડી મહાયાગ અને મહાયાગનું આયોજન કરીએ આ કાર્યક્રમ ત્રણ દિવસ સુધી ચાલશે અને શાસ્ત્રી દિલીપભાઈ પંડ્યા સહિતના ૧૩૧ બ્રાહ્મણો દ્વારા મંત્ર જાપ અન ૫૧ જેટલા યજ્ઞમાં દોઢ લાખ આહુતિ આપવામાં આવનાર છે. ખોડીયાર માતાજીના ચાંદણગઢ મંદિર સાથે અનેક માઈ ભક્તોની આસ્થા અહીં જોડાયેલી હોય ત્યારે ત્રિ દિવસીય આ ૫૧ કુંડી શતચંડી મહાયાગ ધાર્મિક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં માઈ ભક્તો આ યજ્ઞના પ્રારંભ સાથે અહીં આવ્યા હતા. અહીં આવેલા ભક્તોએ ખોડીયાર માતાજીના દર્શન કરવા સાથે યજ્ઞશાળા અને મહાપ્રસાદીનો લ્હાવો લઈને ધન્યતા અનુભવી હતી.

# હાલોલના બિલિયાપુરાની પરણિતાએ પંખે લટકી આપઘાત કર્યા પિયરપક્ષે હત્યાનો આક્ષેપ કરતાં મૃતદેહને પેનલ પી.એમ. અર્થે ખસેડવામાં આવ્યો



હાલોલ,

હાલોલ તાલુકાના બિલીયાપુરા ગામે પરણિતાએ કોઈ અગમ્યકારણોસર પોતાના ઘરમાં પંખા ઉપર લટકીને આપઘાત કરી જીવન ટુંકાવી નાખ્યું. પરણિતા પિયર પક્ષ દ્વારા હત્યા કરાઈ હોવાના આક્ષેપ કરતાં પોલીસ દ્વારા મૃતદેહને પેનલ પી.એમ. અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના જીતપુરા ગામની લક્ષ્મીબેન પરમારના ૮ મહિના પહેલા લગ્ન હાલોલના બિલીયાપુર ગામે રહેતા મિતુલ સાથે થયા હતા. મિતુલ તેના માતા–પિતાનું એકમાત્ર સંતાન હોય જેથી માતા–પિતા સાથે રહેતા હતા. પતિ–પત્ની મિતુલ અને લક્ષ્મી વચ્ચે કોઈપણ બનાવ થતાં લક્ષ્મી તેના પિયર જીતપુરા રહેતી અને ત્યાંથી હાલોલ જીઆઈડીસીમાં રહેતી તેની મોટી બહેનના રહેતી હતી. ઉત્તરાયણના તહેવારમાં રીસાયેલ પત્ની લક્ષ્મીને લેવા ગયા હતો અને બન્નેએ હાલોલમાં ઉત્તરાયણ કરી હતી અને લક્ષ્મીબેનની કંપનીમાં નોકરી શરૂ કરવાની હોવાથી હાલોલ રોકાઈ ગઈ હતી. ઉત્તરાયણના બીજા દિવસે લક્ષ્મી કંપની માંથી છુટતા તેના પતિ મિતુલ તેને પોતાની સાથે ઘરેલ ઘરે લઈ ગયો હતો અને લક્ષ્મીની મોટી બહેનને જાણ કરીને સાસરીમાં ગઈ હતી અને બીજા દિવસે મિતુલે તેની બહેને ફોન કરી લક્ષ્મીએ પંખે લટકીને આપઘાત કર્યો હોવાની જાણ કરી હતી. જાણ થતાં તેની બહેન અને પિતા બિલિયાપુરા પહોંચ્યા હતા. ત્યારે લક્ષ્મીનો મૃતદેહ પલંગમાં પડેલ હતો. ત્યારે મિતુલે લક્ષ્મી જીવિત હોય તો બચાવી લેવા માટે મૃતદેહ નીચે ઉતાર્યો હોવાનું કહેતા પિયર પક્ષે હાલોલ રૂરલ પોલીસને હત્યાના આક્ષેપ સાથે ફરિયાદ કરતાં પોલીસ ઘટના સ્થળે પહોંચીને મૃતદેહને પેનલ પી.એમ.અર્થે સરકારી દવાખાનામાં ખસેડવામાં આવ્યો. જયારે પતિ મિતુલની અટકાયત કરી પુછપરછની તજવીજ હાથ ધરી છે.

# કાલોલના મગનપુરા ગામે પતંગ કપાઈ જતાં આરોપીઓ દ્વારા હુમલો કરી ઈજાઓ કરતાં ફરિયાદ

કાલોલ,

કાલોલ તાલુકાના મગનપુરા ગામે નિશાળ ફળીયામાં રહેતા ફરિયાદીના પિતા અને અન્ય ધાબા ઉપર પતંગ ચગાવતા હોય દરમિયાન આરોપીની પતંગ કપાતા મારી પતંગ કેમ કાપી તેમ કહી વાંસી લઈ દોડી આવી મહિલા સહિત અન્યને મારી ઈજાઓ પહોંચાડતા આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના મગનપુર ગામે નિશાળ ફળીયામાં રહેતા વિષ્ણુ વિનોદભાઈ પરમારના પિતા અને અન્ય વ્યકિતઓ ધાબા ઉપર પતંગ ચગાવતા હતા. દરમિયાન આરોપી દિલીપ ઉર્ફે જાડો રમણભાઈ પરમારની પતંગ કપાતા મારી પતંગ કેમ કાપી કહી ગાળો જતા અન્ય વ્યકિતઓ વાંસી પકડી લેતા આ વાંસી વિષ્ણુભાઈની પત્ની વચ્ચે પડતા તેમને પણ વાંસી વિષ્ણુભાઈની પત્ની વચ્ચે પડતા તેમને પણ વાંસી મારવા જતા વાંસીની સામાન્ય ઈજાઓ પહોંચાડી હતી. જયારે અનય આરોપીઓ ચંદ્રકાંત લક્ષ્મણભાઈ પરમાર, અજય રમણભાઈ પરમાર, શૈલેષ અજયભાઈ રાઠોડ એ પર્વતસિંહ રાઠોડને રોડ ઉપર ઢસડતા પગ અને કપાળના ભાગે ઈજાઓ પહોંચાડી આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે વેજલપુર પોલીસ મથકે આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવામાં આવતાં પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# મોરવા(હ)ના બામણા ગામે આરોપીઓએ આ જમીનમાં રહેવા દેવાના નથી તેમ કહી મારમારી કરતાં ફરિયાદ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના બામણા ગામે ઝાબ ફળીયામાં રહેતા ફરિયાદી પોતાના ઘરે સુતા હતા. ત્યારે આરોપીઓએ ઘરે આવી તમને આ જમીન ઉપર રહેવા દેવાના નથી તેમ કહી ગાળો આપી લાકડી વડે મારમારી ઈજાઓ પહોંચાડતા મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના બામણા ગામે ઝાબ ફળીયામાં રહેતા શૈલેષભાઈ લાલાભાઈ બારીયા પોતાના ઘરે સુતા હતા. ત્યારે આરોપીઓ દિલીપભાઈ રંગીતભાઈ ખાંટ, સુનિલભાઈ ખાંટ આવ્યા હતા અને તમને આ જમીન ઉપર રહેવા દેવાના નથી. તેમ કહી ગાળો આપી હતી. એક આરોપી ગડદાપાટુનો મારમારી તેમજ અન્ય આરોપીએ લાકડીના ફટકો કપાળના ભાગે તેમ હાથમાં મારી ઈજાઓ પહોંચાડી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે આરોપીઓ વિરૂદ્ધ મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ઘોઘંબાના ધનેશ્વર ગામેથી ૨૬ હજારના ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના ધનેશ્વર ગામે કુલવાડી ફળીયામા રહેતા આરોપીના ઘરે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૨૬,૮૫૫/–રૂપીયાનો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના ધનેશ્વર ગામે કુલવાડી ફળીયામાં રહેતા અજયભાઈ ઉર્ફે બન્ની નરવતભાઈ પરમારના ઘરમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો જથ્થો વેચાણ માટે રાખેલ છે. તેવી બાતમીના આધારે રાજગઢ પોલીસે રેઈડ કરી ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનો કવાટરીયા નંગ–૧૪૪, બીયર ટીન નંગ–૯૦, સ્પીરીટ ઓફ સ્મુથનેશના હોલ નંગ–૫ મળી કુલ ૨૬,૮૫૫/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. રેઈડ દરમિયાન આરોપી અજય ઉર્ફે બન્ની પરમાર મળી નહિ આવતાં આ બાબતે રાજગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# વેજલપુર પોલીસે મિલ્કત સંબંધી બે ગુન્હામાં બે આરોપીને ઝડપી ૨.૩૦ લાખનો મુદ્દામાલ રીકવર કર્યો



વેજલપુર,

વેજલપુર પોલીસ મથકે મારૂતીવાન ચોરીના ફરિયાદ દાખલ થયે પોલીસે સર્વેલન્સ સ્ટાફ સાથે રાખી સીસી ટીવી ફુટેજ તેમજ નેશમ કમાન્ડ કંટ્રોલ ગોધરાના સીસી ટીવી ચેક કરતાં ચોરીની મારૂતીવાન ગાડીનું મારૂતી ઝેન નં. જીજે.૦૯.એ.૦૯૩૩ સાથે બાંધીને ખેંચીને ગોધરા તરફ લઈ ગયાનું જણાઈ આવ્યું હતું.

પોલીસે બાતમીદારો ચોરી તપાસ કરતાં ૧૪ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ વેજલપુર પો.સ.ઈ.ને બાતમી મળી હતી. ચોરી થયેલ મારૂતીવાન લઈને બે ઈસમો અન્ય વાહન ચોરી કરવાન ઈરાદે હાલોલ તરફ જવાના છે. તેવી માહિતીના આધારે નાંદરતા ચોકડી ઉપર વોચ ગોઠવી વર્ણનવાળી મારૂતીવાન આવતાં રોકી હતી અને તપાસ કરતાં અગાઉ ચોરીના ગુનામાં ઝડપાયેલ ઈસમ સાહિલ ઉર્ફે ગુગલો હનીફ પઠાણ (રહે. રહેમતનગર, ગોધરા), યાકુબ સત્તાર પથીયા ઉર્ફે વેજલીયો (રહે. સાતપુલ સી. સોસાયટી, ગોધરા) હોય તેમની પાસેથી મારૂતીવાનના કાગળો માંગતા ગલ્લાતલ્લા કરતા હોય પકડાયેલ ઈસમોની અંગઝડતી કરતાં ૧૧ નંગ અલગ અલગ વાહનોની ચાવીઓ મળી આવેલ હતી. પોલીસે મારૂતીવાન બાબતે પોકેટ કોપના આધારે તપાસ કરતાં નં.જીજે.૦૬. એલકે.૭૫૦૮ હોય અને વેજલપુર પોલીસ મથકે ચોરીના ફરિયાદ હોય તે રીકવર કરાઈ હતી. આરોપીઓની પુછપરછ કરતા વેજલપુર થી અન્ય મારૂતીવાન ચોરી કર્યાની કબુલાત કરતાં પોલીસે મારૂતીવાન ચોરી કરવામાં ઉપયોગ લીધેલ મારૂતીઝેન કબ્જે લીધી હતી અને વેજલપુર પોલીસ મથક વાહન ચોરીના બે ગુનાઓ ડીટેકટ કરવામાં આવ્યા.

# પંચમહાલ ખાણ-ખનિજ વિભાગે શહેરા કુણ નદી અને વેજલપુર ટુવા રોડ ઉપર ચેકીંગ કરી ૩ વાહનો મળી ૬૦ લાખનો મુદ્દામાલ સીઝ કર્યો



ગોધરા,

પંચમહાલ જીલ્લા ખાણ–ખનિજ વિભાગની ટીમ દ્વારા શહેરા તાલુકાના ધાણીત્રા ગામે કુણ નદી માંથી રેતી ખનન કરતાં બે ટ્રેકટર ઝડપ્યા જ્યારે વેજલપુર–ટુવા રોડ ઉપરથી ગેરકાયદેસર રેતી ભરી જતું ટ્રેલર મળી કુલ ૬૦ લાખનો મુદ્દામાલ ખાણ–ખનિજ વિભાગ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો.

પંચમહાલ જીલ્લા ખાણ–ખનિજ વિભાગ દ્વારા જીલ્લામાં શહેરા તાલુકાના ધાણીત્રા ગામે કુણ નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન કરાઈ રહ્યું છે. તેવી બાતમીના આધારે ખાણ–ખનિજ વિભાગે ચેકીંગ કર્યું હતું અને કુણ નદીના પટ માંથી બે ટ્રેકટર ઝડપી પાડવામાં આવ્યા હતા. જયારે વેજલપુર થી ટુવા જતા રોડ ઉપરથી ખાણ–ખનિજ વિભાગની ટીમ દ્વારા ગેરકાયદેસર રેતી ભરીને જતાં ટ્રેલરને ઝડપી પાડવામાં આવ્યું. જીલ્લા ખાણ–ખનિજ વિભાગ દ્વારા બે સ્થળેથી બે ટ્રેકટર અને ૧ ટ્રેલર સહિત ૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે લઈને દંડનીય કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઘોઘંબાના સીમળીયાના આંબલી ફળિયામાં દિપડાએ એક દિવસમાં ચાર ઘરોમાં ઘુસી હુમલાનો પ્રયાસ કર્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના સીમળીયા ગામના આંબલી ફળિયામાં દિપડાએ એક જ દિવસમાં ચાર સ્થળોએ ઘરમાં ઘુસી હુમલાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન એક વૃદ્ધા અને એક કિશોરીને દિપડાએ ઈજાઓ પહોંચાડતા તેઓને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે રહિશો નિંદ્રામાંથી જાગીને બુમરાણ મચાવતા દિપડો જંગલ તરફ ભાગી છુટ્યો હતો. આ ઘટનાની જાણ થતાં રાજગઢ આરએફઓ ટીમ સ્થળ ઉપર દોડી આવી દિપડાને પાંજરે પુરવાની કવાયત હાથ ધરવા માટે પાંજરા ગોઠવવામાં આવ્યા હતા.જોકે આ વિસ્તારમાં વર્ષોથી દિપડો વસવાટ કરે છે. પરંતુ રહેણાંક મકાનમાં આવી હુમલો કરવાની પ્રથમ ઘટના બનતા અહિંના રહિશોમાં ફફડાટ વ્યાપી ગયો છે. અને મહિલાઓ ખેતરમાં જવાનુ પણ ટાળી રહી હોવાનુ જણાવતા વહેલી તકે દિપડાને પાંજરે પુરવામાં આવે તેવી માંગણી કરાઈ રહી છે.

ઘોઘંબા તાલુકાના સીમળીયા ગામનુ આંબલી ફળિયુ નાની નાની ડુંગરીઓની નજીકમાં આવેલુ છે. પરંતુ અહિં વર્ષોથી દિપડો વસવાટ કરતો હોવા છતાં હાલ સુધી કોઈ પણ વ્યકિતને ઈજાઓ પહોંચાડવાની કે ઘરમાં ઘુસી હુમલો કરવાની ઘટના બની નહોતી. અચાનક મળસ્કે દિપડો અહિં આવેલા રહેણાંક મકાનોમાં ઘુસી ગયો હતો. અને એક વૃદ્ધા તેમજ એક કિશોરીને ઈજાગ્રસ્ત કર્યા હતા. દિપડાએ વૃદ્ધાના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જયારે કિશોરીને હાથ અને સાથળના ભાગે ઈજાઓ થવા પામી હતી. આ ઉપરાંત દિપડાએ અન્ય બે મકાનની ઓસરીમાં પણ ઘુસવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ અહિંના રહિશો નિંદ્રાધિન અવસ્થામાંથી સફાળા જાગી ઉઠ્યા હતા અને બુમરાણ મચાવતા જ દિપડો જંગલ તરફ ભાગી છુટ્યો હતો. ત્યારબાદ સ્થાનિકોએ ૧૦૮ મારફતે ઈજાગ્રસ્ત કિશોરી અને વૃદ્ધાને ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. જયાં સારવાર બાદ હાલ મહિલા વૃદ્ધા અને કિશોરીની તબિયત એકદમ સુધારા ઉપર હોવાનુ જાણવા મળ્યુ હતુ. પ્રથમવાર દિપડો રહેણાંક વિસ્તારમાં આવી મકાનમાં ઘરઆંગણે ઘુસી જઈ હુમલો કરવાની ઘટના બનતા જ અહિંના રહિશોમાં ભય ફેલાયો છે.

# પંચમહાલ જીલ્લાના ૧૫ થી ૫૦ વર્ષ વયના દિવ્યાંગ બહેનો માટે નિઃશુલ્ક તાલીમનો લાભ લેવા બાબત

ગોધરા,

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય(ડી.જી.ઈ.) દ્વારા ચાલતા દિવ્યાંગો માટે નેશનલ કેરિયર સર્વિસ સેંટર (મહિલા), ઠક્કર બાપા હોસ્ટેલ પરિસર, પેંશનપુરા, નિઝામપુરા રોડ, વડોદરા,ખાતે મહિલા વિકલાંગ કે જેની અપંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવી અસ્થિર વિષયક,બહેરી મૂંગી,અલ્પ અંધ,અંધ, મંદ બુધ્ધિ (50-69 IQ), હોય તેવા ૧૫ થી ૫૦ વર્ષ વચ્ચેની બહેનો માટે કેંન્દ્રમાં ડ્રેસ મેકિંગ, કોમ્પુટર એપ્લિકેશન, કમર્શિયલ અને સેંકેટ્રિયલ પ્રેકિટસના તાલિમ વર્ગો નિઃશુલ્ક ધોરણે ચાલે છે.કેંન્દ્રમાં ચાલતા ડ્રેસ મેકિંગ, કોમ્પુટર એપ્લિકેશન,કમર્શિયલ અને સેંકેટ્રિયલ પ્રેકિટસના તાલિમાર્થીયોને ભારત સરકાર તરફથી સમય–સમય પ્રમાણે નિયમો અનુસાર શિષ્યવૃત્તિનો લાભ પણ મેળવી શકે છે. આથી પંચમહાલ જીલ્લાના તાલિમ માટે ઈચ્છુક દિવ્યાંગ બહેનોએ (શનિરવિ તેમજ જાહેર રજાના દિવસો સિવાય) કામકાજના દિવસો દરમ્યાન સવારે ૧૦:૦૦ થી ૪:૦૦ સુધીમાં કેંન્દ્રનો સમ્પર્ક કરવાનો રહેશે. વધુ માહિતી માટે ૦૨૬૫–૨૭૮૨૮૫૭ અને ૮૫૧૧૨૯૧૩૦૯ પર સંપર્ક કરવા નાયબ નિયામક શ્રમ અને રોજગાર મંત્રાલય,વડોદરા દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.